વખતનો

હિંદુસ્તાનનો ઇતિહાસ.

(ગુજરાતના ઇતિહાસના વિશેષ સબંધમાં.)

પ્રસિદ્ધ કરનાર.

માણેકલાલ કેશવલાલ.

આવૃત્તિ નવમી.

અમદાવાદ.

"વિજય પ્રવર્તક" પ્રેસ.

સંવત ૧૯૫૫.   સને ૧૮૯૯.

કીંમત ૨ (બે) આના.

મુસલમાની વખતનો

હિંદુસ્તાનનો ઇતિહાસ.

(ગુજરાતના ઇતિહાસના વિશેષ સંબંધમાં.)

પ્રસિદ્ધ કરનાર.

માણેકલાલ કેશવલાલ.

આવૃત્તિ નવમી.

(સર્વ હક્ક સ્વાધિન.)

અમદાવાદ.

"વિજય પ્રવર્તક" પ્રેસ.

સંવત ૧૯૫૬. સને ૧૮૯૯.

કીંમત ૨ (બે) આના.

૭૩૩૯

मुसलमानी वखतनो

हिंदुस्तानने इतिहास.

પ્રકરણ ૧ લું.

પ્રાચીન ઇતિહાસ—હિંદના અસલ વતનીને અનાર્ય કહે છે. તેઓ ચકમક અને પથ્થરનાં હથિયાર વાપરતા ને શિકાર વડે ગુજારો કરતા. પાછળથી ધાતુ વાપરતાં શીખ્યા હતા. સંસારી બાબતમાં બે ત્રણ ભાઇ વચ્ચે એક સ્ત્રી પરણતા, અને બેનના દીકરાને વારસો આપતા. તેઓ રાક્ષસોને પૂજતા અને તેમને જનાવરોનો ભોગ આપતા, તે એમનો ધર્મ હતો. તેઓ રંગે કાળા, ઝડપથી દોડનારા અને લઢાઇમાં પાછા હઠે નહીં એવા હતા. તેમનામાં નાનાં મોટાં રાજ્ય હતાં ને કિલ્લા બાંધી જાણતા હતા. પણ જોરાવર આર્ય પ્રજા આગળ તેમનાથી ટકાયું નહિ, તેથી સપાટ પ્રદેશ છોડી ડુંગરોમાં જઈ ભરાયા.

આર્ય—આ પ્રજા હિંદના વાયવ્ય ખૂણામાંથી આવી પંજાબમાં થઈ ગંગા અને જમના નદીના કાંઠાના પ્રદેશમાં વશી. ત્યાંથી ધીમે ધીમે આખા હિંદમાં પ્રસરી. તેમનામાં બ્રાહ્મણ, ક્ષત્રી વૈસ્ય, અને શુદ્ર, એ જાતો હતી. બ્રાહ્મણો વિદ્યાભ્યાસ કરી ધર્મનો બોધ કરતા, ક્ષત્રીઓ રાજ ચલાવતા; વૈસ્ય વેપાર ખેતી વગેરે

કરતા; ને શુદ્ર ચાકરી કે હલકું કામ કરતા. ક્ષત્રીઓમાં સૂર્ય, ચંદ્ર અને જાદવ વંશના રાજાઓ મુખ્ય છે. સૂર્ય વંશમાં રામચંદ્ર (અયોદ્ધામાં) પ્રખ્યાત રાજા થયા તેમણે લંકાના રાજા રાવણને માર્યો. ચંદ્રવંશમાં પાંડવ કૌરવ થયા. પાંડવ પાંચ અને કૌરવ સો ભાઈ હતા. તેમની વચ્ચે કુરૂક્ષેત્ર (પાણીપત) ના મેદાનમાં લડાઈ થઈ તે મહાભારતને નામે પ્રસિદ્ધ છે. તેમાં પાંડવ જીત્યા. પાંડવની પક્ષમાં જાદવકુળના કૃષ્ણ હતા તેમનું રાજ્ય દ્વારકામાં હતું. એ વિના હિંદુસ્તાનમાં ઘણે ઠેકાણે જુદાં જુદાં રાજ્ય હતા. બહાર પ્રાંતમાં જરાસંધનું. પંજાબમાં દ્રુપદનું, દ્રાવિડ (દક્ષિણ) માં શિશુપાળનું વગેરે.

પાંડવ કૌરવના સમય પછી બહાર પ્રાંતમાં ચંદ્રગુપ્ત અને અશોક એ મોટા રાજા થયા. તેમના વખતમાં બૌધ ધર્મ ઘણો ફેલાયો પછી માળવામાં વિક્રમ કરીને મોટો ચક્રવર્તી રાજા થયો. તેનો સંવત ચાલે છે.

વિક્રમના પછી ગુજરાતમાં વલ્લભીપુરમાં મોટું રાજ્ય થયું. તેનો છેલ્લો રાજા શિલાદિત્ય થયો. પછી એ પ્રાંતમાં પંચાસરના છેલ્લા રાજા જયશિખરીને કલ્યાણીના ભૂવડ રાજાએ હરાવી તેનું રાજ્ય લીધું, પણ જયશિખરીના કુંવર વનરાજ ચાવડાએ ઈ. સ. ૭૪૬ માં અણહિલપુર પાટણ વસાવી રાજ્ય સ્થાપ્યું. એ ગાદી ઉપર ચાવડા, સોલંકી અને વાઘેલા વંશના રજપૂત રાજાઓએ રાજ્ય કર્યું અને છેવટ ૧૨૯૭ માં મુસલમાનોએ તે શહેર જીતી લીધું.

પરદેશી રાજાઓની ચઢાઇઓ—હિંદુસ્તાનની જમીન રસાળ અને વેપાર સારો હોવાથી આ દેશમાં પૈસો ઘણો છે,

એવું ધારી પરદેશી લોકો વેપાર કરવાને તથા મૂલક જીતવાને આવતા. ઘણા જૂના કાળમાં ઇરાનનો દારા રાજા આવ્યો હતો તે પછી ગ્રીસનો સિકંદર બાદશાહ ઇ. સ. પૂ. ૩૨૮ માં આવ્યો તેણે સિંધુ નદીની પાસેનો કેટલોક મૂલક જીત્યો તેની સાથે (દિલ્લી તથા સતલજની વચ્ચેના મૂલકમાં રાજ્ય કરનાર,) પૌરસ રાજા બહુ બહાદુરીથી લડ્યો તેમાં હાર્યો સિકંદરે તેને તેનું જીતેલું રાજ્ય પાછું સોંપ્યું. પછી ઘણા વખત સુધી આ દેશના રાજાઓએ સ્વતંત્રપણે અમલ ચલાવ્યો. તેમના વખતમાં પરદેશીઓના જાણવા લાયક હુમલા થયા નથી, પણ અરબસ્તાનમા મુસલમાની ધર્મ સ્થપાયા પછી તેમણે હુમલા કર્યા.

મુસલમાની ધર્મનો ઉદય.—એ ધર્મ ચલાવનાર મહમદ પેગમ્બર અરબસ્તાનના મક્કા શહેરમાં ઇ. સ. ૫૭૦ માં જન્મ્યા હતા. તેમણે ઇ. સ. ૬૦૯ માં પોતાનો મત ચલાવી કુરાન નામે ધર્મ પુસ્તક રચ્યું તેમાં લોકોને સમજાવ્યું કે "પરમેશ્વર એક છે. સૂરજ, ચંદ્ર, તારા, અગ્નિ વગેરેને પૂજવામાં ફળ નથી. મુસલમાનોને પોતાના ભાઈ પ્રમાણે ગણવા બીજા ધર્મના લોકોને મુસલમાની ધર્મમાં લાવવાથી પુણ્ય થાય છે ને ધર્મ ફેલાવામાં મરણ પામનાર સ્વર્ગે જાય છે. પરમેશ્વરનો પેગમ્બર મહમદ છે."

આ નવા ધર્મથી અરબસ્તાનમાં વસનાર આરબો તેમના ઉપર કોપ્યા, ને તેમને મારી નાંખવાને તૈયાર થયા તે ઇ. સ. ૬૨૨ માં મદીને નાશી ગયા મુસલમાનો ત્યારથી હીજરી સન ગણે છે. હીજરી એ અરબી ભાષાના શબ્દનો અર્થ નાશી જવું એવો થાય છે. પેગંબર સાહેબ ઇ. સ. ૬૩૨ માં મરણ પામ્યા.

તે વખતે આખા અરબસ્તાનમાં તેમનો ધર્મ ફેલાયો હતો. તેમના મરણ પછી આરબોએ આસપાસના દેશોમાં બળાત્કારે ધર્મનો ફેલાવો કર્યો. મહમદની પછી જે ગાદીએ બેઠા તે ખલીફા કહેવાતા. ખલીફાઓએ ઇરાન દેશ જીતી ત્યાં મુસલમાની ધર્મ ચલાવ્યો તે વખતે ઇરાનના ઘણા ખરા પારસીઓ પોતાનો વહાલો ધર્મ નહિ તજતાં હિંદમાં આવી વસ્યા. વળી મુસલમાનો અફગાનિસ્તાન જીતી હિંદ ઉપર આવવા લાગ્યા. તેઓ મહમદ પેગમ્બરના મરણ પછી બસો વરસ સુધીમાં ઇરાન, તુર્કસ્તાન, અફગાનિસ્તાન વગેરે દેશો વશ કરી શક્યા.

સિંધપર ચઢાઈ.—આરબોએ પ્રથમ જળમાર્ગે હિંદનાં કેટલાંક બંદરોપર ચઢાઈ કરી હતી, તેમાં તેમનું કાંઈ વળ્યું નહોતું. છેલ્લે એક આરબી વહાણ કોઈ હિંદી રાજાએ કબજ કર્યું તેની નુકશાની ભરી લેવા માટે ખલીફ વાલીદે મહમદ કાસમ નામના સરદારને સિંધપર મોકલ્યો. તેણે ઇ. સ. ૭૧૨ માં દેવળગામ (કરાંચી બંદર) ના દાહીર રાજા ઉપર ચઢાઈ કરી દાહીર બહુ બહાદુરીથી લઢયો, પણ હાર્યો ને માર્યો ગયો. તેથી તેની રાણી પોતાના સૈન્ય સહિત નગરઠઠ્ઠે ગઈ. કાસીમ ત્યાં ગયો. ઠઠ્ઠાના રજપૂતોએ પોતાનાં બૈરાં છોકરાંને બાળી મૂકી કેસરીયાં કર્યાં. કાસીમે સિંધ જીત્યું. ખલીફ વાલીદના મરણ પછી બીજો ખલીફ થયો, તેની એ કાસીમ ઉપર ઇતરાજી જોઈ ઇ. સ. ૭૧૪ માં તેને કોઇએ મારી નાંખ્યો, તેનું માથું ખલીફ પાસે મોકલાવ્યું. મહમદના મરણ પછી રજપૂતોએ સિંધ ફરીને પોતાને કબજે કર્યું.

મુસલમાનો હિંદપર હુમલા કરવા લાગ્યા તે વખત હિંદુ-

સ્તાનમાં પંજાબ, કલીંજર, કનોજ વગેરે જુદાં જુદાં રાજ્યો હતાં. પરંતુ પરદેશી દુશ્મનોની સામે લડવાને તેઓ સંપસંપી એક બીજાને મદદ કરતાં, તેથી મુસલમાનો ઝાઝા ફાવી શકતા નહિ, માટે સિંધ ઉપરના હુમલા પછી લગભગ ત્રણસેં વરસ સુધી મુસલમાનો હિંદમાં આવ્યા નહિ. આરબો તુર્કસ્તાનમાંથી ગુલામો પકડી લાવ્યા હતા, તેમાંથી નાશી આવેલા ગુલામો પૈકી એક જણે ઇ. સ. ૯૬૨ માં ગિજનીમાં મુસલમાની રાજ્ય સ્થાપ્યું. તેઓ પંજાબ વગેરે હદ ઉપરના પ્રાંતોમાં લૂંટફાટ કરવા લાગ્યા.

ગિજની વંશ ૯૬૨—૧૧૮૬—૨૨૪.

નામ.	ક્યાંથી.	ક્યાંસુધી.	રાજ કર્યું.
૧ અલપગીન.	૯૬૨	૯૭૭	૧૫
૨ સબક્તગીન.	૯૭૭	૯૯૭	૨૦
૩ સુલતાનમહમદ.	૯૯૭	૧૦૩૦	૩૩
૪ મસાઉદ. (૧)	૧૦૩૦	૧૦૪૦	૧૦
૫ મોદુદ.	૧૦૪૦	૧૦૪૯	૯
૬ અબદુલહુસેન.	૧૦૪૯	૧૦૫૧	૨
૭ અબદુલ રસીદ.	૧૦૫૧	૧૦૫૧	૭માસ
૮ ફરૂકજાત.	૧૦૫૧	૧૦૫૮	૭
૯ ઇબ્રાહીમ.	૧૦૫૮	૧૦૮૯	૩૧
૧૦ મસાઉદ. (૨)	૧૦૮૯	૧૧૧૪	૨૫
૧૧ અરસલાન.	૧૧૧૪	૧૧૧૮	૪
૧૨ બેહેરામ.	૧૧૧૮	૧૧૫૨	૩૪
૧૩ ખુશરૂ.	૧૧૫૨	૧૧૫૯	૭
૧૪ ખુશરૂમલેક.	૧૧૫૯	૧૧૮૬	૨૭

અલપ્તગીન—એણે ઇ. સ. ૯૬૨ માં ગિઝનીમાં રાજ્ય સ્થાપ્યું, ને તેની આસપાસના પ્રાંતો જીતી લીધા. તેના પછી તેનો જમાઇ ગાદી ઉપર બેઠો.

સબક્તગીન—તેના વખતમાં હિંદની સરહદના પ્રાંતોમાં મુસલમાનો લૂંટફાટ કરવા લાગ્યા, તેથી હિંદુ રાજાઓ ચોંક્યા. તેઓ મુસલમાન સાથે લડવાને તૈયાર થયા. પ્રથમ લાહોરનો જયપાળ રાજા ફોજ લઇ સબક્તગીન ઉપર ચઢ્યો તેમાં તે હાર્યો. પચાસ હાથી તથા અઢી લાખ રૂપિયા આપવા કબુલ કરી પાછો આવ્યો. લાહોર આવ્યા પછી સરત પ્રમાણે ખંડણી મોકલી નહિ તેથી સબક્તગીન ચઢી આવ્યો. તે ખંડણી લઇ પેશાવરમાં થાણું બેસાડી પાછો ગયો. તેના પછી તેનો દાસીપુત્ર મહમદ ગાદીઉપર બેઠો.

મહમદ—તેણે હિંદપર સત્તર ચઢાઇઓ કરી, તેમાંની ગુજરાત પંજાબનો પશ્ચિમ ભાગ જીતવાને કરી હતી. તેની સત્તર ચઢાઇમાંની બાર જાણવા લાયકની હકીકત નીચે આપી છે.

૧ લી. ઇ. સ. ૧૦૦૧ માં ખંડણી અટકાવવાથી લાહોરના રાજા જયપાળ ઉપર કરી, તેમાં જયપાળ હાર્યો. અને ઘણું અપમાન થવાથી પોતાના દીકરા અનંગપાળને રાજ સોંપી બળી મૂઓ.

૨ જી. ૧૦૦૪ માં ભાટીયાના રાજા ઉપર કરી તેને હરાવ્યો.

૩ જી. ઇ. સ. ૧૦૦૫ માં મુલતાન ઉપર.

૪ થી. લાહોરના રાજા અનંગપાળ ઉપર—અનંગપાળે મુસલમાનોનુ બળ તોડવા ભારે તૈયારી કરી દિલ્હી, અજમેર, કલીંજર, કનોજ વગેરેના રાજાઓને પોતાની મદદે બોલાવ્યા. ઇ. સ. ૧૦૦૮ માં મહમદ સાથે લડવા પેશાવર આગળ ગયો. આ લડાઇમાં

રજપૂતાણીઓએ પોતાનાં ઘરેણાંગાંઠાં વેચી હિંદુરાજાને મદદ મોકલી. અને પહાડી લોકો ડુંગરમાંથી છરા, તરવાર વગેરે હથિયાર લઇ મુસલમાન સામે લઢવા ઉતરી આવ્યા. જોસભેર લઢાઈ ચાલી. તેવામાં અનંગપાળના હાથીને તીર વાગવાથી તે ઘોડા ઉપર બેઠો, તેથી તેના લશ્કરના જોવામાં તે આવ્યો નહિ, એટલે તેમણે નાસવા માંડયું. તેથી મુસલમાનોની જીત થઈ. નાસતાં નાસતાં વીશહજાર હિંદુઓ માર્યા ગયા. ત્યાંથી જઈ મહમૂદે નગરકોટનું દેરૂં લૂંટ્યુ, તેમાંથી તેને પુષ્કળ ધન મળ્યું.

૫ મી. ઇ. સ. ૧૦૧૦માં મુલતાનપર બીજીવાર કરી તે જીત્યું.

૬ ઠી. ઇ. સ. ૧૦૧૪ માં જમનાં નદી ઉપર સ્થાનેશ્વરનું દેરૂં લૂંટવાને કરી.

૭ મી. ઇ. સ. ૧૦૧૫માં કાશ્મીર ઉપર, તેમાં મહમૂદ હાર્યો.

૮ મી. ઇ. સ. ૧૦૧૯ માં કનોજ ઉપર કરી. ત્યાંનો રાજા તાબે થવાથી મહમૂદે તેની સાથે દોસ્તી બાંધી, ત્યાંથી મથુરાં જઈ તે શહેર લૂટયું, તથા ત્યાંનાં મંદિરો બાળી મૂકયાં. કેટલાક મકાનની સુંદરતા જોઈ મહમૂદ છક થઈ ગયો ને તેવાં મકાનો ગિજનીમાં બંધાવવાનો તેને શોખ થયો. કેટલાક કારીગરોને પકડી ગિજની લઇ જઈ ત્યાં સારાં મકાનો બંધાવ્યાં.

૯ મી. ઇ સ. ૧૦૨૨ માં કલીંજરના રાજા ઉપર કરી તેને હરાવ્યો.

૧૦ મી. કાશ્મીર ઉપર બીજીવાર કરી પણ ફાવ્યો નહિ.

૧૧ મી. ઇ. સ. ૧૦૨૩ માં કલીંજર તથા ગ્વાલિઅરના રાજા ઉપર કરી. તેમણે ધન આપી મહમૂદને પાછો કાઢયો. પાછા

જતાં લાહોરના રાજા બીજા જયપાળ (અનંગપાળના દીકરા) ને હરાવી લાહોર ખાલસા કર્યું.

૧૨ મી. ઇ. સ. ૧૦૨૪ માં સોમનાથનું દેરૂં લૂંટવાને ગુજરાત ઉપર ફરી. એ દેરાનું રક્ષણ કરવાને કેટલાક ઠાકોરો અને ગુજરાતનો રાજા ભીમદેવ આવી પહોંચ્યા. તેમને મહમૂદ ઘણી મહેનતે જીત્યો. ભીમદેવ નાશી ગયો પછી મહમૂદે સોમનાથનું દેરૂં લૂંટી તેમાંની મૂર્ત્તિઓ ભાગી નાંખીને બહુ ધન લીધું. મહમૂદનો સ્વદેશ જવાનો રસ્તો રોકી ભીમદેવ બેઠો હતો માટે તે સિંધના રણને રસ્તે ગયો ત્યાં ભૂલો પડવાથી પાણી વિના તેનાં ઘણાં માણસ મરી ગયાં. ત્યાર પછી મહમૂદ હિંદમાં આવ્યો નહિ. ઇરાન જીત્યા પછી ઇ. સ. ૧૦૩૦ માં મરણ પામ્યો.

મહમૂદના ગિજની ગયા પછી ગુજરાતનું રાજ ભીમદેવને હાથ રહ્યું ને તેના વંશજોએ ભોગવ્યું.

મહમૂદનો સ્વારીઓ કરવાનો હેતુ રાજ મેળવવાનો નહોતો પણ હિંદુઓને લૂંટવા, તેમને વટાળવા, ને તેમનાં દેરાં તોડવાં એ હતો. એ પાદશાહ બહાદુર પણ ધર્માંધ, નિર્દય ને લોભી હતો. એણે ગિજનીમાં પાઠશાળા સ્થાપી. તથા ફર્દુશી કવિ પાસે ઇરાનનો કવિતા રૂપ ઇતિહાસ રચાવ્યો. વગેરે વિદ્યાના કામમાં મદદ કરી તેથી લોકો તેને વખાણે છે.

મસાઊદ—વગેરે આઠ પાદશાહોના વખતમાં હિંદના ઇતિહાસમાં નોંધવા જેવા કંઇ બનાવ બન્યા નથી.

બહેરામ—તેણે પોતાનો જમાઈ જે ગોરપ્રાંતનો સૂબો હતો, તેને મારી નાંખ્યો. તેથી તે મરનારના ભાઈ અલાઉદ્દીને આવી

ઇ. સ. ૧૧૫૨ માં બેહેરામને હરાવ્યો, ને ગિજની શહેર બાળી મૂક્યું. બેહેરામ હિંદુસ્તાન ભણી નાઠો પણ રસ્તામાં મરણ પામ્યો.

ખુશરૂ—બેહેરામનો દીકરો થાય. તે લાહોરમાં આવી રાજ કરવા લાગ્યો. ત્યાં તે સાત વરસ રાજ કરી ઇ. સ. ૧૧૫૯ માં મરણ પામ્યો. પછી તેનો દીકરો ગાદીએ બેઠો.

ખુશરૂ મલેક—એને ગોરી બાદશાહ શાહબુદ્દીને મારી નાંખી ઇ. સ. ૧૧૮૬ માં પંજાબ જીતી લીધું. એ રીતે ઘિજની વંશનો અંત આવ્યો.

ગોરીવંશ—૧૧૫૨-૧૨૧૨-૬૦.

ચોપાઇ.

અગીઆરસેં બાવનની મહી, આણ અલાઉદ્દીનની થઇ;
સૈફુદ્દીનમાં નહોતા રામ, પિતરાઇ ભાઇએ રાખી હામ.
ગ્યાસુદ્દીન શાહબુદ્દીન ભાઈ, ગાઢી ગાંઠ જાણે મિત્રાઈ;
હવો બત્રિજો મહમદ નામ, રાજ પચાવી પડ્યા ગુલામ.

	નામ.	ક્યાંથી.	ક્યાં સુધી.	વર્ષ રાજ કર્યું.
૧	અલાઉદ્દીન.	૧૧૫૨	૧૧૫૬	૪
૨	સૈફુદ્દીન.	૧૧૫૬	૧૧૫૭	૧
૩	ગ્યાસુદ્દીન.	૧૧૫૭	૧૨૦૨	૪૫
૪	શાહબુદ્દીન.	૧૧૦૨	૧૨૦૬	૪
૫	મહમદગોરી.	૧૨૦૬	૧૨૧૨	૬

અલાઉદ્દીન—૧૧૫૨-૧૧૫૬—એનું રાજ અફગાનીસ્તાનની ઉત્તરે ગોર પ્રાંતમાં હતું માટે તેના વંશનાઓને ગોરી બાદશાહ કહેછે. તેણે બેહેરામને હરાવી ગિજની શહેર બાળી નાંખ્યું

તેથી તે અલ્લાઉદ્દીન જહાંસોજ કહેવાય છે. તે ગિઝનીમાં ચાર વરસ રાજ કરી મરણ પામ્યો.

સૈફુદ્દીન—એ અલ્લાઉદ્દીનનો પુત્ર થાય. તે નબળો હોવાથી તેના પિત્રાઈ ભાઈઓએ એકજ વરસમાં રાજ લઈ લીધું.

ગ્યાસુદ્દીન—૧૧૫૭-૧૨૦૨. એને શાહબુદ્દીન નામે એક ભાઈ હતો તે બંને ભાઈઓ એક બીજાને ઘણા ચહાતા હતા. ગ્યાસુદીન મૂલકનો બંદોબસ્ત રાખતો અને શાહબુદ્દીન લડાઈનું કામ ચલાવતો. મહમૂદ ગિઝનીની પેઠે હિંદુસ્તાનના પૈસાથી લોભાઈને શાહબુદ્દીને હિંદુસ્તાન ઉપર નવ સ્વારીઓ કરી.

એ વખતે હિંદુસ્તાનમાં રજપૂતોનાં પાંચ મોટાં રાજ્ય હતાં. ૧. દિલ્લીમાં તોમાર જાતના રજપૂત રાજા અનંગપાળનું. ૨. અજમેરમાં ચોહાણ રાજા સોમેશ્વરનું. ૩ કનોજમાં રાઠોડ રાજા જયચંદ્રનું ૪. ગુજરાતમાં સોળંકી રાજા ભીમદેવનું અને ૫ ચિતોડમાં સીસોદીઆ રાણાઓનુ રાજ હતું. એ મોટા રાજ્યવાળાઓ સંપસપી એક બીજાને મદદ કરતા. તેથી મુસલમાનો ફાવી શકતા નહિ.

રજપૂતોનો કુસંપ—દિલ્લીના રાજા અનંગપાળને બે કુંવરીઓ હતી. તેમાંની એક અજમેર અને બીજી કનોજ પરણાવી હતી. અજમેરના રાજા સોમેશ્વરનો કુંવર પૃથુરાજ અને કનોજવાળાનો કુંવર જયચંદ્ર એ બે તેના દોહીત્ર હતા. અનંગપાળને દીકરો નહિ હોવાથી મરતી વખતે દિલ્લીનું રાજ પૃથુરાજને આપ્યું, તેથી એ બે મસીઆઈ ભાઈને માંહોમાંહે કલહ થયો. વળી જયચંદ્રે પોતાની કુંવરીનો સ્વયંવર કર્યો. તેમાં પૃથુરાજે તે કુંવરીનું હરણ કર્યું, તેથી તે બંને વચ્ચે લડાઈ વધી. અને બંને રાજ્યો લઢીને નબળાં પડ્યાં.

ગુજરાતના રાજા ભોળાભીમને અને પૃથુરાજને પણ અણ-બનાવ થવાનું કારણ એવું છે કે આબુના રાજા જેતસીંહ પરમારને એક કુંવરી હતી. તેનો વિવાહ પૃથુરાજ સાથે કર્યો હતો તેમ છતાં ભીમદેવે તેનું માગું મોકલ્યું, તેથી આબુપતિએ ના કહાવી અને કુંવરીને અજમેર મોકલી દીધી. તે કુંવરી મેળવવાને ભોળાભીમે અજમેર ઉપર ચઢાઈ કરી પૃથુરાજના બાપ સોમેશ્વરને માર્યો. બાપનું વેર લેવા પૃથુરાજે ગુજરાત ઉપર ચઢાઇ કરી ભીમદેવને હરાવ્યો.

રજપૂતોમાં કુસંપ જોઇ શાહબુદ્દીને પહેલી સ્વારી ઇ. સ. ૧૧૭૬માં ગૂજરાતના રાજા ભોળાભીમ ઉપર કરી, પણ તેમાં તેણે હાર ખાધી. ઇ. સ. ૧૧૮૬ માં પંજાબ ઉપર ચઢી આવી ખુશરૂમલેકનું રાજ્ય લઇ લીધું, ને તેને કુટુંબ સહિત કેદ કરી ગિઝની વંશનો અંત આણ્યો. ઇ. સ. ૧૧૯૧માં દિલ્લીના રાજા પૃથુરાજ ઉપર સ્વારી કરી. તેમાં સ્થાનેશ્વર આગળ પૃથુરાજે તેને હરાવ્યો તે વેર લેવા ફરીને ૧૧૯૩ માં ચઢી આવ્યો ને પાણીપતના મેદાનમાં પૃથુરાજને મારી દિલી ને અજમેર જીતી લીધાં. બીજે વરસે (૧૧૯૪) કનોજના રાજા જયચંદ્રને હરાવી મારી નાંખ્યો. શાહબુદ્દીનના સરદાર કુતબુદ્દીને ૧૧૯૫ માં ગુજરાત પર ચઢાઈ કરીને રાજા ભીમદેવને હરાવી નસાડી મૂક્યો. ભીમદેવ થોડા વખત પછી પાછો આવી મુસલમાનોને ગુજરાતમાંથી કાઢી મૂકી પોતે રાજ કરવા લાગ્યો. શાહબુદ્દીનના બીજા સરદાર બખ-ત્યાર ખિલજીએ ૧૧૯૯માં અયોધ્યા તથા બહાર પ્રાંત જીતી લીધા. એવામાં ગ્યાસુદ્દીન મરણ પામવાથી શાહબુદ્દીન પાદશાહ થયો.

શાહબુદ્દીન—૧૨૦૨–૧૨૦૬. એના વખતમાં તેના સ-

રદાર બખત્યાર ખીલજીએ બંગાળાના સેન રાજાને હરાવી તેનું રાજ ઈ. સ. ૧૨૦૩માં લીધું. પંજાબમાં ગક્કર લોકે બંડ કર્યું. તેમને શાહબુદ્દીને હરાવ્યા. પાછા જતાં સિંધુ નદીને કાંઠે ગક્કર લોકે રાત્રે છાનામાના તેના તંબુમાં પેશી તેને મારી નાંખ્યો.

શાહબુદીનનો સ્વારી કરવાનો હેતુ મહમૂદ ઘિજનીની પેઠે ધર્માંધપણાથી લૂંટ મેળવવાનો નહોતો. પણ તેને તો મૂલક જીતવાનો લોભ હતો. તેણે બંગાળાથી સિંધુ નદી સુધીનો ઘણો મૂલક જીતી કુતુબુદ્દીન નામે સુબેદારને તેનો ઉપરી ઠરાવી દિલ્લામાં રાખ્યો હતો. એ બાદશાહને વિદ્યા ઉપર પ્રેમ નહોતો તેથી મહમૂદ ઘિજનવી જેવી તેની નામના થઈ નથી.

મહમુદ.—૧૨૦૬–૧૨૧૨. શાહબુદ્દીન પછી તેનો ભત્રિજો મહમૂદ ગાદીએ બેઠો. તેનામાં દમ ન હોવાથી તાબાના સૂબાઓ સ્વતંત્ર થઈ જવા લાગ્યા. હિંદુસ્તાનમાં કુતુબુદ્દીન પણ સ્વતંત્ર થયો ને પાદશાહી સ્થાપન થઈ.

પ્રકરણ ૨ જું.

ગુલામવંશ–૧૨૦૬–૧૨૯૦–૮૪.

ચોપાઇ.

કુતુબુદ્દિન બારે છ રહ્યો, પાછળ તો આરામજ થયો;
અલ્તમસે ઉઠાડયો જામ, રૂકનુદ્દીન, રજીઆ, બહેરામ.
મસુદ, નાસરૂદ્દીન, કર યાદ, ગ્યાસુદ્દીન ને કૈકુબાદ;
વજીર જલાલુદ્દીન, કા'વીઓ, શાહ મારી પાછળ આવીઓ.

	નામ.	ક્યાંથી.	ક્યાં સુધી.	રાજ કર્યું.
૧	કુતુબુદ્દીન.	૧૨૦૬	૧૨૧૦	૪
૨	આરામ.	૧૨૧૦	૧૨૧૦	થોડા માસ.
૩	અલ્તમસ.	૧૨૧૦	૧૨૩૫	૨૫
૪	રૂકનુદ્દીન.	૧૨૩૫	૧૨૩૬	૧
૫	રજીઆબેગમ.	૧૨૩૬	૧૨૩૯	૩
૬	બેહેરામ.	૧૨૩૯	૧૨૪૧	૨
૭	અલાઉદ્દીન. (મસાઉદ)	૧૨૪૧	૧૨૪૫	૪
૮	નાસરૂદ્દીન	૧૨૪૫	૧૨૬૫	૨૧
૯	ગ્યાસુદ્દીન. (બલબન)	૧૨૬૫	૧૨૮૭	૨૨
૧૦	કૈકુબાદ.	૧૨૮૭	૧૨૯૦	૩

કુત્બુદ્દીન—૧૨૦૬–૧૨૧૦–પહેલાં એ તુર્કી ગુલામ હતો. શાહબુદ્દીને તેની હોંશિયારી જોઈ એને ઘણો ભણાવ્યો. તેણે પોતાની બુદ્ધિ, વિદ્યા, ચંચળાઇ અને હોંશિયારીથી શાહાબુદ્દીનને રાજી કર્યો. શાહબુદ્દીને તેને દિલ્હીનો સૂબો બનાવ્યો. શાહબુદ્દીન પછી તેના ભત્રિજા મહમુદ ઘોરીના વખતમાં જેમ બીજા સૂબા સ્વતંત્ર થઇ ગયા, તેમ તે પણ હિંદુસ્તાનનો સ્વતંત્ર પહેલો પાદશાહ થયો.

દિલ્લીમાં પોતાની રાજધાની કરી ત્યાં તેણે કુતુબમિનારો બંધાવવા માંડ્યો, પણ તે પૂરો થતા પહેલાં મરણ પામ્યો. તે ગુલામ હતો તેથી તેની ઓલાદના પાદશાહો ગુલામ વંશથી ઓળખાય છે.

આરામ—૧૨૧૦–૧૨૧૦– તેનામાં તેના બાપ કુતુબુદ્દીનના જેવી હોંશિયારી નહિ હોવાથી તેના બનેવી અલ્તમસે તેને ગાદી ઉપરથી ઉઠાડી મૂક્યો.

અલ્તમસ—૧૨૧૦–૧૨૩૫– એ ગુલામ હતો પણ ઘણો રૂપાળો હોવાથી કુતુબુદ્દીને તેને સારી કેળવણી આપી હોંશિયાર કરી તેની વેરે પોતાની દીકરી પરણાવી હતી. એના વખતમાં જંઘિસખાં નામે મોગલ સરદાર જબરી ફોજ લઈ કોઈ અફગાન પાદશાહની પૂઠે હિંદુસ્તાનમાં આવ્યો હતો પણ સારે નશીબે તે સીંધુ નદી સુધી આવી પાછો ગયો. સીંધુને કાંઠે તેણે દશહજાર હિંદુઓને પકડીને મારી નાખ્યા એવો તે નિર્દય તથા ઘાતકી હતો.

અલ્તમસ બહાદુર ને હોંશિયાર હતો. તેણે બંગાળા, બહાર, સીંધ ને પંજાબ કબજે કર્યા તથા ઇ. સ. ૧૨૩૧ માં માળવાનું હિંદુરાજ જીતી લઈ ત્યાંનું મહાકાળેશ્વરનું મોટું દેરૂં ખોદી નાખ્યું, અને કુતુબ મિનારો પુરો કરાવ્યો.

રૂકનુદ્દીન—૧૨૩૫–૧૨૩૬ એ અલ્તમસનો પુત્ર થાય પણ તે નબળો હોવાથી તેની બેન રજીઆબેગમે તેને ગાદી ઉપરથી ઉઠાડી મૂક્યો.

રજીઆબેગમ—૧૨૩૬–૧૨૩૯ એ અલ્તમસની દીકરી હતી. એ બાઈ ભણેલીને હોંશિયાર હતી રાજનો બંદોબસ્ત સારી રીતે રાખતી, પણ તેણે કોઈ ગુલામની સાથે પ્રીતિ કરી તે દર-

ભારના અમીરોને નહિ ગમવાથી તેમણે તેને કેદ કરી. તેની ચોકી સારૂ એક અમીરને ઠરાવ્યો. તેની સાથે લગ્ન કરી તે નાશી ગઈ. આખર તે બંને જણ પકડાયાંને માર્યા ગયાં.

બહેરામ—૧૨૩૯-૧૨૪૧. રજીઆબેગમ પછી તેના ભાઈ બહેરામને અમીરોએ ગાદી ઉપર બેસાડયો. તે બે વરસ રાજ્ય કરી મરણ પામ્યો, પછી રૂકનુદ્દીનનો દીકરો અલાઉદ્દીન મસાઉદ પાદશાહ થયો.

મસુદ—૧૨૪૧-૧૨૪૫. એના વખતમાં કંઈ જાણવા લાયક બનાવ બન્યો નથી તે ચાર વરસ રાજ્ય કરી મરણ પામ્યો. પછી અલ્તમસનો પૌત્ર નાસરૂદ્દીન ગાદીએ બેઠો.

નાસરૂદ્દીન—૧૨૪૫-૧૨૬૫. એ બહુ ભલો, ધર્મ ઉપર આસ્થાવાળો, સાદો ને ફકીરી ચાલનો હતો પુસ્તકો ઉતારી તેના જે લખામણી આવે તે વડે પોતાનું ગુજરાન ચલાવતો, તથા પોતાની બેગમ પાસે રંધાવી જમતો. રાજ્યનો કારભાર તેણે પોતાના વજીર ગ્યાસુદ્દીન બલબનને સોંપ્યો હતો. એ બલબને હિંદુ રાજાઓને વશ કર્યા. તથા બુંદેલખંડ, માળવા, અને દિલ્હીના આજુબાજુનાં બંડ સમાવી રાજ્યને મજબૂત કર્યું. આ બાદશાહના વખતમાં મોગલ પાદશાહ હોલાકુખાંનો એલચી હિંદમાં આવ્યો હતો. તેને ગ્યાસુદ્દીન બલબને સારૂં માન અપાવ્યું તેણે ઘણા મોગલ હુમલાઓને પાછા હઠાવ્યા. ઈ. સ. ૧૨૬૫ માં પાદશાહ મરણ પામ્યો એટલે એ બલબન પાદશાહ થયો.

બલબન—(ગ્યાસુદ્દીન) ૧૨૬૫-૧૨૮૭. એ અલ્તમસનો ગુલામ અને જમાઈ થતો. તે નાનપણથી ઘડાઇને હોંશિયાર થયો

હતો. બલ્બને પોતાની સાથેના બીજા ગુલામોને કાઢી મૂકી કુળવાનોને નોકરી આપવાનો તથા હિંદુઓને રાજકારભારમાં સામેલ નહિ રાખવાનો ધારો કર્યો. એના વખતમાં મધ્ય એશિયામાંના કેટલાક રાજાઓ, અમીરો અને કવિઓ મોગલ લોકોના જૂલમથી કંટાળી દિલ્હીમાં આવી રહ્યા. તેમને પોતાના આશરા નીચે જમીન આપી વસવા દીધા હતા. એ ક્રૂર ને હલકા મનનો પણ બહાદુર હતો. એના સામે મેવાતના લોકે બંડ કર્યું હતું, તેથી ત્યાં જઈ તેમનાં એક લાખ માણસોને મારી નાખ્યા અને ઝાડીઓમાં એ બંડખોરો ભરાઈ રહેતા, તેની ખેડવા લાયક ભોંય બનાવી. વળી બંગાળાના સૂબા તોગ્રલબેગે બંડ કર્યું, તેને નિર્દયપણે મારી નાંખ્યો, ને ત્યાં પોતાના દીકરા બકારાખાંને સૂબો નીમ્યો. મોગલ ચઢી આવ્યા હતા, તેમને તેના બીજા પુત્ર મહમૂદે હરાવ્યા. તેના પછી તેનો પૌત્ર કૈકુબાદ ગાદી ઉપર બેઠો.

કૈકુબાદ—૧૨૮૭-૧૨૯૦. બલબનનો વહાલો દીકરો મહમદ તેના જીવતાં મરણ પામ્યો હતો, અને બીજા દીકરા બકારાખાં સાથે તેને અણબનાવ હતો, તેથી બકરાખાંના દીકરા કૈકુબાદને ગાદી મળી. નિજામુદ્દીન નામના દુષ્ટ સ્વભાવના વજીરને વશ થઈ એ બાદશાહે ઘણાંક ઘાતકી કામ કર્યાં. તેને શાખામણ દેવા તેનો બાપ બકારાખાં બંગાળેથી આવતો હતો, તેની સાથે લડવાને એ વજીરે પાદશાહને ઉશ્કેર્યો, ને બાપ દીકરાને અણબનાવ કરાવ્યો. છેલ્લે બાપ દીકરાને મેળ થયો, અને એ વજીરને કૈકુબાદે ઝેર દઈ મારી નંખાવ્યો. પણ એ બાદશાહમાં રાજ ચલાવવા જેટલી હોંશિયારી નહોતી, તેથી ખિલજી લોકોના સરદાર જલાલુદ્દીન

નામે નવા વઝીરને વશ થયો એ જલાલુદ્દીન કૈકુબાદને તથા હેના બાળકોને મરાવી પોતે પાદશાહ થયો ઇ. સ. ૧૨૯૦.

ખિલજી વંશ. ઇ. સ. ૧૨૯૦-૧૩૨૦-૩૦.

દોહરો.

ખિલજી બારે નેવુમાં, પ્રથમ જલાલુદ્દીન;
ત્યાર પછી કાકો હણી, થયો અલાઉદ્દીન.
ઉમર, મુબારક, ખુશરૂ, ઢેડો જે કહેવાય;
ક્રૂર કુસંપી પાદશાહ, તેર વીશમાં જાય.

	નામ.	ક્યાંથી.	ક્યાંસુધી.	રાજ્ય કર્યું.
૧	જલાલુદ્દીન.	૧૨૯૦	૧૨૯૫	૫
૨	અલાઉદ્દીનખુની.	૧૨૯૫	૧૩૧૫	૨૦
૩	ઉમર.	૧૩૧૫	૧૩૧૬	૧
૪	મુબારક.	૧૩૧૬	૧૩૨૦	૪
૫	ખુશરૂ.	૧૩૨૦	૧૩૨૦	પાંચ માસ.

જલાલુદ્દીન—૧૨૯૦-૧૨૯૫. એ ૭૦ વર્ષની ઉમ્મરે ગાદી ઉપર બેઠો. કૈકુબાદ તથા તેના બાળકને મરાવ્યા એટલોજ અપરાધ એણે કર્યો, તે વગરનાં બાકીનાં એનાં કામ ઘણાં દયાળુ હતાં. અપરાધીઓને શિક્ષા કરવાને પણ તે દયા ખાતો, તેથી તેના રાજ્યમાં ઘણાં બંડ થયાં, અને લૂંટ તથા ચોરનો ભય વધ્યો. મોગલ લોકો ઇ. સ. ૧૨૯૨ માં ચઢી આવ્યા હતા, તેમને બહુ બહાદુરીથી હરાવ્યા તેનો ભત્રિજો અલાઉદ્દીન અલ્હાબાદ પાસેના કરા ગામનો સૂબો હતો. એ બહાદુર સરદારે માળવા તથા બુંદેલખંડનાં બંડ સમાવ્યાં. અલાઉદ્દીને પોતાના કાકાને કહ્યા સિવાય ૮૦૦૦ સ્વારો લઇ દક્ષિણ ઉપર સ્વારી કરી મહારાષ્ટ્રમાં દેવગિરિ

(દોલતાબાદ) ના રાજા રામદેવને હરાવી પુષ્કળ લૂંટ લઈ પાછો વળ્યો, તેને મળવા સારૂ તેનો કાકો જલાલુદ્દીન ગયો. મળતી વખતે અલાઉદ્દીને પોતાના કાકાને મારી નંખાવ્યો ને પોતે બાદશાહ થયો.

અલાઉદ્દીન—૧૨૯૫-૧૩૧૫ એ પોતાના કાકાને તથા બીજા હક્કદાર વારસને મારીને ગાદી ઉપર બેઠો. દેવગિરિથી આણેલી લૂંટ સરદારોને તથા અમીર ઉમરાવોને બક્ષીસ આપી નરમ કર્યા. અલાઉદ્દીને જેમ પોતાના કાકાને મારી રાજ્ય મેળવ્યું તેમજ એ પાદશાહના ભત્રિજા સુલેમાને તેને મારી ગાદી લેવાનો પ્રયત્ન કર્યો, પણ તેમાં તે તથા તેના સાથીઓ પકડાયા ને માર્યા ગયા

ઉત્તર હિંદમાં તેની જીત—અલાઉદ્દીને ઈ. સ. ૧૨૯૭ માં ગુજરાત પ્રાંત જીતવા સારૂ પોતાના ભાઈ અલિફખાં તથા નસરતખાં નામે વજીરને મોકલ્યા. તેમણે છેલ્લા રજપૂત રાજા કરણઘેલા પાસેથી તે પ્રાંત જીતી લીધો. * રાજા કરણ દક્ષિણમાં બાગલાણમાં નાશી ગયો, પણ તેની રાણીઓને પકડી દિલ્લી મોકલી, તેમાં કમળાદેવી ઘણી રૂપાળી હોવાથી બાદશાહની માનીતી બેગમ થઈ. એ કમળાદેવીની દીકરી દેવળદેવી કરણની પાસે હતી તેને તેડી લાવવાને તેણે બાદશાહને વિનંતિ કરી બાદશાહી ફોજ જઈ કરણ પાસે તે

* ૧૨૯૭ મા અલાઉદ્દીને ગુજરાત પ્રાંત જીત્યો. ત્યારથી તે છેલ્લા મહંમદ તઘલખના વખતમાં ગુજરાતમાં સ્વતંત્ર બાદશાહ ઈ. સ ૧૪૦૩ મા થયા ત્યાં સુધી તે પ્રાંત દિલ્લીના તાબામાં રહ્યો. તે વખતમાં દિલ્લીના બાદશાહો તરફથી ૧૭ સૂબેદારો ગુજરાતમા આવ્યા. તેમણે હિંદુઓને વટાળવાનો, લૂંટવાનો, દેરાં તોડી મસીદો બાંધવાનો, અને ઉપર વધારી દુઃખ દેવાનો પ્રયત્ન કર્યો.

કુંવરી માગી પણ કરણ સામો થવાથી બળાત્કારે તે કુંવરીને પકડી દિલ્હી મોકલાવી. તેને પાદશાહના પાટવી કુંવર સાથે પરણાવી. વળી ખંભાત લૂંટ્યું ત્યાંથી મલેક કાફુર નામે ગુલામ મળ્યો તે રૂપાળો તથા હોંશિયાર હોવાથી અલાઉદ્દીનનો માનીતો સરદાર થયો.

ઇ. સ ૧૩૦૦ માં અલાઉદ્દીને રણથંભોરનો કિલ્લો લીધો, ને ઇ. સ. ૧૩૦૩ માં ચિતોડ ઉપર હલ્લો કર્યો. ચિતોડના રજપુતો પોતાનાં બૈરાં છોકરાંને બાળી મૂકી બહુ બહાદુરીથી મરતાં સુધી લડ્યા.

મુગલોના હુમલા—એના રાજ્યમાં મોગલ લોકોએ સાત હુમલા કર્યા પહેલા બે પંજાબ ઉપર ૧૨૯૭—૯૮ માં કર્યા. તેમાં તેઓ હાર્યા. ત્રીજો હુમલો ઇ. સ. ૧૨૯૮ માં કર્યો, તેમાં મુગલ સરદાર કુતલુઘખાં ઠેઠ દિલ્હી સુધી આવ્યો. તેને અલાઉદ્દીનના સરદાર જાફરખાંએ હરાવી નસાડ્યો, પછી પાદશાહે જાફરખાંની અદેખાઇ કરી, તેને મોગલોની પછવાડે મોકલ્યો. પણ તેને મદદ મોકલી નહિ. તેથી મોગલોએ તેને મારી નાંખ્યો વળી ઇ. સ. ૧૩૦૩ માં મોગલો દિલ્લી આવી પાછા ગયા, ને ઇ. સ. ૧૩૦૪—૫ માં રોહિલખંડ ઉપર હલ્લા કર્યા. પણ તેમાં માર્યા ગયા. લડાઇમાં પકડાએલા મોગલોને તેણે દિલ્હીમાં રાખ્યા હતા તેમણે બળવો કરવાથી તેમની કતલ કરાવી.

દક્ષિણમાં જીત.—ઉત્તર હિંદમાં જય મેળવી દક્ષિણપર નજર ફેરવી. ઇ. સ ૧૩૦૩ માં મલેકકાફુરને ફોજ આપી વરંગુળ જીતવા મોકલ્યો તેણે માળવા, ખાનદેશ, ને મહારાષ્ટ્ર જીતી લેઈ દેવગિરિના રાજા રામદેવને દિલ્હી આણ્યો. તેણે પાદશાહની

તાબેદારી કબુલ કરવાથી અલ્લાઉદ્દીને તેને માન સાથે તેની રાજ-ધાનીમાં જવા દીધો ૧૩૦૬. વળી કાફુરે ઇ. સ. ૧૩૦૯ માં તૈલંગણ પ્રાંતની રાજધાની વરંગુળ જીતી લીધું; ને ૧૩૧૦ માં કર્ણાટક તથા ૧૩૧૨ માં ઠેઠ રામેશ્વર સુધીનો મુલક જીત્યો, રામે-શ્વરમાં એક મસીદ બંધાવી.

અલ્લાઉદ્દીનના ઘરડપણના બનાવ—એના પાછલા કાળમાં ગુજરાતના લોકે બંડ કરી ત્યાંના ગવા અલપખાંને મારી નાંખ્યો. ચિતોડના રજપુતોએ મુસલમાનોને કિલા બહાર કાઢી મૂક્યા, અને રાણા હમીરે ચિતોડગઢ પાછો જીતી લીધો. દક્ષિણમા રામદેવના જમાઈ હરપાળે ઘણેક ઠેકાણેથી મુસલમાનોને મારી કાઢયા. એવી એવી વાતો સાંભળી અલાઉદ્દીનને બહુ ક્રોધ ચઢ્યો ને ગુસ્સામાં પોતાના પોંચા કરડ્યા.

અનિયમિત ખોરાકથી તેનું શરીર બગડ્યું, તેથી બધા ઉપર વહેમ આવવા લાગ્યો. ફક્ત કાફુરને ભરોંસે રહી પોતાની બેગમને તથા બે વડા શાહજાદાને કેદ કર્યા. પણ કાફુરે તેને ઝેર દઈ ઇ. સ. ૧૩૧૫ માં મારી નાંખ્યો.

એ પાદશાહ બુદ્ધિમાન ને શૂરવીર પણ અભિમાની, ધર્માંધ, ને જૂલમી હતો તેના કાયદા સારા હતા. તથા રાજ્યનો સારો બ-દોબસ્ત હતો. જૂલમી સ્વભાવને લીધે અલ્લાઉદ્દીન ખુની એ ના-મથી ઓળખાય છે.

ઉમર—૧૩૧૫-૧૩૧૬. અલ્લાઉદ્દીન પછી તેના નાના દી-કરા ઉમરને કાફુરે ગાદી ઉપર બેસાડ્યો. બે મોટા દીકરાઓની આંખો ફોડી ત્રીજો મુબારક હતો તેને મારવા સારૂ મારા મો-

કર્યા મુબારક મારાઓને પોતાનાં ઘરેણાં આપી બચ્યો, ને કાફૂરને મારી નંખાવી ગાદી ઉપર બેઠો.

મુબારક—૧૩૧૬-૧૩૨૦. એણે ગાદી ઉપર બેશી પોતાના નાના ભાઈ ઉમરને આંધળો કર્યો, ને મોટા બે ભાઇઓને મારી નંખાવ્યા તથા ગુજરાતનું બંડ સમાવ્યું. દક્ષિણમાં હરપાળ ઉપર ચઢાઇ કરી તેને મારી નાંખ્યો, ને કેટલાક વેરા માફ કરી હોશિયારી બતાવી. રાજ્યની લગામ ખુશરૂ નામે નીચ જાતના વજીરને સોંપી પોતે નઠારા મોજશોખમાં પડ્યો. તેનું પરિણામ એ આવ્યું કે ખુશરૂએ તેને મારી નખાવી ગાદી ઉપર આવ્યો.

ખુશરૂ—૧૩૨૦. એ ઢેડ જાતીમાંથી મુસલમાન થયો હતો. પણ મુસલમાની ધર્મ ઉપર તેની પૂરી શ્રદ્ધા નહોતી. તેણે કુરાન ઉપર બેશીને, તથા મસીદોમાં મૂત્તિઓ પધરાવીને પઠાણ અમીરોને ગુસ્સે કર્યા કેટલાક અમીરોએ બંડ કર્યાં તેમને કાઢી મૂકી તેમની જગા ઉપર પોતાની જાતનાઓને લાવી રાખ્યા છેલ્લે ચાળીસમાં નામે પંજાબના હાકેમે તેનાપર ચઢાઈ કરી તેને મારી નાંખ્યો.

તઘલખવંશ. ૧૩૨૦-૧૪૧૨-૯૨.

ચોપાઇ.

તઘલખ તેર અને વિશે ચડયો, ગ્યાસુદ્દીન દિલ્લીપર ચડ્યો:
મહમદ, ફીરોજ, ગ્યાસુદ્દીન, અબુબકર ને નાસરૂદ્દીન.
સિકંદર મહમદ શાહ હુઓ, તેર અઠાણું તૈમુર જુઓ:
દિલ્લી લૂંટી કરીઓ કેર, ચૌદ બાર આણ્યું અંધેર.

	નામ.	ક્યાંથી.	ક્યાંસુધી.	રાજ્ય કર્યું.
૧	ગ્યાસુદ્દીન.	૧૩૨૦	૧૩૨૫	૫
૨	મહંમદ (જુગાખાં).	૧૩૨૫	૧૩૫૧	૨૬

૩ ફિરોઝશાહ.	૧૩૫૧	૧૩૮૮	૩૭
૪ ગ્યાસુદ્દીન બીજો.	૧૩૮૮	૧૩૮૯	૧
૫ અબુબકર.	૧૩૮૯	૧૩૮૯	દોઢમાસ
૬ નાસરૂદ્દીન.	૧૩૮૯	૧૩૯૨	૩
૭ સિકંદર	૧૩૯૨	૧૩૯૨	એકમાસ.
૮ મહંમદ.	૧૩૯૨	૧૪૧૨	૨૦
૯ સરદાર દોલતખાં.	૧૪૧૨	૧૪૧૪	૨

ગ્યાસુદ્દીન—૧૩૨૦–૧૩૨૫. એનુ બીજું નામ ઘાઝીખા હતું, તે પંજાબનો હાકેમ હતો. તેણે ખુશરૂખાંને હરાવી મારી નાખ્યો. પછી અમીરોએ મળી તેને ગાદીએ બેસાડ્યો ગાદીએ બેઠા પછી તેણે બંગાળા ઉપર સ્વારી કરી ત્યાંનું બંડ સમાવ્યું. ત્યાંનો સૂબો બહાદુરખાં હતો તેને કાયમ રાખી પાછો આવ્યો. તેણે દિલ્લીમાં તઘલખાબાદ નામે કિલ્લો બાંધ્યો. ગ્યાસુદ્દીને તૈલંગાણ ઉપર સ્વારી કરી જય મેળવી પાછો આવ્યો ત્યારે એના દીકરા જુમાખાંએ (મહમદ) દિલ્લીની પાસે પોતાના બાપની મુલાકાત લેવા સારૂ લાકડાનો મંડપ રચાવ્યો. તે મંડપ પડી જવાથી ગ્યાસુદ્દીન મરણ પામ્યો. પછી તેનો દીકરો મહંમદ ગાદી ઉપર બેઠો.

મહંમદ—૧૩૨૫–૧૩૫૧. એ વિદ્વાન, બુદ્ધિમાન ને બહાદુર, પણ નિર્દય, ગાંડો, ને અવિચારી હતો. એના વખતમાં મોગલોએ પંજાબ ઉપર સ્વારી કરી તેમને ધન આપી પાછા કાઢ્યા.

મહંમદનાં અવિચારનાં કામ—(૧) ચીન તથા ઇરાન જીતવા મોટાં લશ્કર તૈયાર કર્યાં તેમાં ચીનપર મોકલેલું લશ્કર હિમાલયમાં ઠંડથી મરણ પામ્યું ઇરાનપર મોકલવાને એકઠું કરેલું

લશ્કર પગાર નહિ મળવાથી વેરાઈ જઈ લૂંટફાટ કરવા લાગ્યું, તેથી દેશની ખરાબી થઈ. (૨) ભારે વેરા નાંખ્યા છતાં લડાઇના ખર્ચને સારૂ જોઇતાં નાણાં ન મળ્યાં ત્યારે તેણે ત્રાંબાનાણું ચ-લાવ્યું પણ પરદેશી વેપારીઓએ તે ન લીધાથી વેપાર રોજગાર બંધ પડ્યો, વેપારીઓ તૂટી ગયા, ને તેનો ખજાનો ત્રાંબાનાણાંથી ભરાયો. (૩) રાજધાની કરવાના વિચારથી દિલ્લીના લોકોને આઠસેં મૈલને છેટે દોલતાબાદમાં જઇને વસવાનો બે વાર હુકમ કર્યો. તે આવજામાં હજારો માણસ મરણ પામ્યાં (૪) ગમ્મતને માટે માણસનો શિકાર કરવાની યુક્તિ રચી. એટલે કેટલીક જગાને ઘેરી લઇ, તે ઘેરાનો ઓછો કરવા જતાં તેમાં વચ્ચે જે માણસ આવે તેને કાપી નાંખવાનો હુકમ આપતો. આવી રીતે તેણે કનોજના લોકની કતલ કરાવી હતી. (૫) પોતાનો દાંત પડી જવાથી તેના-પર ઘણા પૈસા ખરચી કબર ચણાવી. વગેરે ઘણાં મૂર્ખાઇનાં કામ કર્યાં. આ બાદશાહના રાજ્યનો વિસ્તાર ઘણો હતો, પણ ધર્માભિ-માનને લીધે તેણે હિંદુ રાજા રાણાઓ અને અમલદારો ઉપર ભરોંસો ન રાખ્યો, તેથી તેના રાજ્યમાં બંડ થયાં, ને સૂબાઓ સ્વતંત્ર થઈ ગયા.

૧૩૩૯માં પંજાબના સૂબાએ બંડ કર્યું તેને ગરદન માર્યો

૧૩૪૦માં બંગાળામાં બંડ ઉઠ્યું તે સમ્યું નહિ.

૧૩૪૪માં કર્ણાટક અને તૈલગણના હિંદુરાજાઓ સ્વતંત્ર થયા.

૧૩૪૭ માં દક્ષિણમાં બેદરમાં હસનગંગુ (જાફરખાં) નામે સરદારે બ્રાહ્મણી રાજ્ય સ્થાપ્યું, તે ૧૫૦ વરસ ચાલ્યું.

૧૩૪૭ માં ગુજરાતમાં બંડ થયું તે સમાવી દક્ષિણ ગયો.

એટલે પાછું ગુજરાતમાં ફરીને બંડ ઉઠયું તેથી એકદમ ગુજરાતમાં આવ્યો ને બંડખોરોને હરાવ્યા. પણ તેઓ સિંધમાં નાઠા. તેમની પાછળ જતાં એ પાદશાહ ઠઠ્ઠામાં ૧૩૫૧ માં મરણ પામ્યો, પછી તેનો ભત્રિજો પાદશાહ થયો.

ફિરોઝુદ્દીન—૧૩૫૧–૧૩૮૮. એ પાદશાહ લડાઈના કામમાં કાચો હતો. તેથી તેણે ગુજરાત તથા સિંધના બળવાખોરોનું મન મનાવ્યું ને બંગાળાના સૂબાનું સ્વતંત્રપણું કબૂલ રાખ્યું. એણે શાંતીથી રાજ્ય કરી કેટલાંક લોકોપયોગી કામ કર્યાં. ૧ ખેતીને સારૂ પાણી પહોંચાડવા નદીઓમાંથી નેહેરો ખોદાવી. તેમાંની જમનાની નેહેરો હાલ સૂધી રહેલી છે. તેનો કેટલોક ભાગ અંગ્રેજ સરકારે સુધરાવી ખપમાં આણેલો છે. ૨ કૂવા, તળાવ, ધર્મશાળાઓ, રસ્તાઓ, ને નહાવાની જગાઓ (હમામખાનાં) બંધાવી, તથા રસ્તા ઉપર ઝાડો રોપાવ્યાં. ૩ નિશાળો, દવાખાનાં, પૂલો, મસીદો વગેરે બંધાવી લોકોને સુખી કર્યાં. એના પછી નીચેના ચાર બાદશાહ ગાદીએ બેઠા.

ગ્યાસુદ્દીન બીજો, અબુબકર, નાસરૂદ્દીન ને સિકંદર. એમના વખતમાં કંઈ જાણવા લાયક બનાવ બન્યા નથી.

મહંમદ ૨ જો—૧૩૯૨–૧૪૧૨. એ નાસરૂદ્દીનનો દીકરો હતો તેનામાં દમ નહિ હોવાથી ઇ. સ. ૧૩૯૪ માં જુવાનપુરના અને ૧૪૦૧ માં માળવા તથા ખાનદેશના સૂબાઓ સ્વતંત્રપણે અમલ કરવા લાગ્યા

એના વખતમાં ૧૩૯૮ માં મોગલ પાદશાહ તૈમુર મધ્ય એશિઆમાંથી જબરી ફોજ લઇ દિલ્લી ઉપર ચઢી આવ્યો.

મહંમદ ગુજરાત ભણી નાશી ગયો. તૈમુરે દિલ્લી શહેર પાંચ દિવસ સુધી લૂટયું, બાળ્યું ને કતલ કરી, પુષ્કળ દ્રવ્ય અને બંધીવાન લઈ ને પોતાને દેશ તાતાર ગયો. તેણે જતાં આવતાં રસ્તાનાં ગામ લૂટયાં ને બાળ્યાં. એવી દેશની ખરાબી કરી પછી મહંમદ પાછો આવ્યો ને દિલ્લીની ગાદી ઉપર નામનો બાદશાહ રહ્યો.

એનો મોકલેલો સૂબો જાફરખાં ગુજરાતમાં સ્વતંત્રપણે અમલ કરવા લાગ્યો. એણે ૧૪૦૧ માં પોતાના દીકરા તાતારખાંને નાસરૂદ્દીન મહંમદ એવો ઇલકાબ આપી પાદશાહ ઠરાવ્યો, તેણે દિલ્લીના પાદશાહની નામની તાબેદારી છોડી. ને અકબરના વખત સુધી મુજફ્ફરશાહના વંશમાં ગુજરાતની પાદશાહી રહી *

---

* ગુજરાતના સ્વતંત્ર બાદશાહ.

નામ	ક્યાંથી. ક્યાંસુધી.	રાજ્યકર્યું.
મહંમદશાહ ૧ લો.	૧૪૦૩—૧૪૦૭.	
મુજફ્ફરશાહ ૧ લો.	૧૪૦૭—૧૪૧૧.	
અહંમદશાહ ૧ લો.	૧૪૧૧—૧૪૪૧.	
મહંમદશાહ ૨ જો.	૧૪૪૧—૧૪૫૧.	
કુતુબશાહ.	૧૪૫૧—૧૪૫૯.	
દાઉદશાહ.	૧૪૫૯—૧૪૫૯.	
મહંમદશાહ ૩ જો (બેગડો)	૧૪૫૯—૧૫૧૩.	
મુજફ્ફરસાહ ૨ જો.	૧૫૧૩—૧૫૨૬.	
સિકંદરશાહ	૧૫૨૬—૧૫૨૬.	
મહંદમશાહ ૪ થો.	૧૫૨૬—૧૫૨૬.	
બહાદુરશાહ ૫	૧૫૨૬—૧૫૩૬.	
મહંમદશાહ ૫ મો.	૧૫૩૬—૧૫૫૪.	
અહંમદશાહ ૨ મો.	૧૫૫૪—૧૫૬૧.	
મુજફ્ફરશાહ ૩ જો.	૧૫૬૧—૧૫૭૩.	

મહંમદ તઘલખ ઇ. સ ૧૪૧૨ માં મરણ પામ્યો. ત્યાર પછી બે વરસ સુધી સરદાર દોલતખાં લોદીએ રાજ્ય ચલાવ્યું. દિલ્લીની ગાદી સૈયદવંશી પાદશાહોને હાથ ગઈ.

મુજફ્ફરશાહ ૧ લો—મહંમદશાહ મરણ પામ્યો ત્યારે જફરખા મુજફ્ફરશાહ નામ ધારણ કરી ગાદીએ બેઠો.

અહંમદશાહ—આશાવલના રાજા આશા ભીલને હરાવી ઈ. સ. ૧૪૧૪ માં અમદાવાદ શહેર વસાવી પાટણને બદલે તે શહેરમાં પોતાની રાજધાની કરી. ને હાથમતીને કાંઠે અહંમદનગર વસાવી ઇડરના રાજાને શરે પાડી તથા મેવાડ, બુંદીકોટા વગેરેના રાજાઓને હરાવી તેમની કનેથી ખંડણી લીધી ને માળવા તથા દક્ષિણના પાદશાહો સાથે લઢી ફતેહ મેળવી.

મહંમદશાહ ૨ જો—એણે ચાંપાનેરના રાવળ ઉપર ચઢાઈ કરી હતી, પણ માળવાના પાદશાહે તેને મદદ કરી માટે તે પાછો હઠયો અમીરોએ તેને મારી નાંખી કુતુબશાહને ગાદીએ બેસાડયો.

કુતુબસાહ—એણે માળવાની ફોજ સારંગપુર સુધી આવી હતી તેને પાછી વાળી, તથા ચિતોડના રાણાને નમાવ્યો. એણે ભદ્રનો કિલ્લો તથા કાંકરીઉં તળાવ બંધાવ્યું. એના પછીના દાઉદશાહમાં કાંઇ દમ નહોતા.

મહંમદ બેગડો—એ નાની ઉમરનો હોવા છતાં તેણે સરદારોને તાબે કર્યા, જુનાગઢ તથા પાવાગઢનાં રાજ્ય જીત્યાં, એ બે ગઢ જીત્યા તેથી તે બેગડો કહેવાયછે. એણે કચ્છ, સિંધ ને માળવાના હાકેમોને નમાવ્યા તથા મહંમદાવાદ વસાવ્યું.

મુજફ્ફરશાહ ૨ જો—એ નબળો હોવાથી ઇડરના રાવે તથા ચિતોડના રાણા સંગે તેનો મૂલક લૂંટી હેરાન કર્યો. એના પછી સિકંદરશાહ તથા મહંમદશાહ એ દમ વગરના પાદશાહ થયા.

બહાદુરશાહ—એણે દક્ષિણનાં અહમદનગર વગેરે શહેરો લૂંટયાં, માળવા પ્રાંત જીત્યો, ને ચિતોડની રાણી પાસેથી ખંડણી લીધી તથા દીવ બંદરથી ફીરંગી લોકોને પાછા કાઢયા એના વખતમાં દિલ્લીના

સૈયદવંશ ઇ. સ. ૧૪૧૪-૧૪૫૦-૩૬.

ચોપાઈ.

સૈયદ સૌ ચૌદ ને ચૌદ, ખીજર મુબારક, મહમુદ;
આલમથી પામ્યું એ નાશ, ગયું રાજ સૌ ચૌદ પચાશ.

	નામ.	ક્યાંથી.	ક્યાંસુધી.	રાજ્યકર્યું.
૧	ખિજરખાં.	૧૪૧૪	૧૪૨૧	૭
૨	મુબારક.	૧૪૨૧	૧૪૩૩	૧૨
૩	મહંમદ.	૧૪૩૩	૧૪૪૩	૧૦
૪	આલમ (અલાઉદ્દીન)	૧૪૪૩	૧૪૫૦	૭

ખિજરખાં—૧૪૧૪-૧૪૨૧ દોલતખાંને હરાવી પંજાબના

પાદશાહ હુમાયુએ આવી ચાંપાનેર વગેરે ગુજરાતનો કેટલોક ભાગ જીત્યો પણ હુમાયુ શિરશાહનું બંડ સમાવવા આમ ગયો. એટલે બહાદુરશાહે પોતાનો મુલક કબજે કર્યો. છેલ્લે ૧૫૩૬ માં દીવબંદરના ફીરંગી ઉપર સ્વારી કરી તેમાં તે લોકે તેને દગાથી મારી નાંખ્યો.

મહમદશાહ ૫ મો—એણે હિંદુ રાજા, રાણા, ઠાકોરો વગેરેનાં ગામ ખુંચી લેવાનો હુકમ કર્યાથી શિરોહી, ડુંગરપુર, ઈડર ને લુણાવાડા વગેરેના ગરાશીઆ લડવા ઊઠયા. હિંદુઓને ઘોડે બેસવાની, સારાં લુગડાં પહેરવા-ની, તથા તેહેવાર પાળવાની મના કરી હતી. આ નઠારા પાદશાહને તેના બુરાન નામના નોકરે મારી નાંખ્યો એના પછી અહંમદશાહ થયો, તે તેના વજીર એતિયાદખાંને હાથે માર્યો ગયો.

મુજફરશાહ ૩ જો—એ અમદાવાદનો છેલ્લો બાદશાહ હતો એના-માં કંઈ દમ નહોતા; માટે તેના સરદારો મૂલક વહેંચી લઈ માંહોમાંહે લડતા હતા એવામાં દિલ્લીના પાદશાહ અકબરે આવી ૧૫૭૩ માં ગુજરાતનું રાજ જીતી લીધુ ને મુજફરશાહને દિલ્લી લઇ જતાં તેણે આપઘાત કર્યો. આ રીતે ગુજરાતનું રાજ દલ્લીની પાદશાહી સાથે જોડાયું.

સૂબા ખિજરખાંએ દિલ્લીનું રાજ લીધું તે સાત વરસ રાજ કરી મરણ પામ્યો. પછી તેનો દીકરો મુબારક પાદશાહ થયો.

મુબારક—૧૪૨૧–૧૪૩૩. એ પાદશાહને તેના વજીરે મારી નાંખી તેના ભત્રિજા મહંમદને ગાદી ઉપર બેસાડયો.

મહંમદ—૧૪૩૩–૧૪૪૩. એના વખતમાં જુવાનપુર તથા માળવાના સુલતાનોએ પ્રાંતો જીતી લીધા. તેનું રાજ જવાની તૈયારીમાં હતું. એટલામાં પંજાબના સૂબા બહિલોલખાંએ તેને મદદ કરી તેથી બચ્યું.

આલમ—(અલાઉદ્દીન) ૧૪૪૩–૧૪૫૦—એ મહંમદનો દીકરો થાય. તે દમ વગરનો હોવાથી એના રાજની મર્યાદા છેક ઘટી ગઈ હતી. છેલ્લે બહિલોલખાંને રાજ સોંપી, દિલ્લીથી ૭૦ મૈલ ઉપર બદાવન નામે ગામ હતું, ત્યાં ગયો. ઈ. સ. ૧૪૫૦.

લોદીવંશ. ઇ. સ. ૧૪૫૦–૧૫૨૬–૭૬.

ચોપાઈ.

લોદી સાડા ચૌદે થયો, પંદરસેં છવીસમાં ગયો;
બહીલોલ સિકંદર નામ, ઇબ્રાહીમ બન્યો છે જામ.

	નામ.	ક્યાંથી.	ક્યાં સુધી.	રાજકર્યું.
૧	બહિલોલખાં.	૧૪૫૦	૧૪૮૮	૩૮
૨	સિકંદર.	૧૪૮૮	૧૫૧૭	૨૯
૩	ઇબ્રાહીમ.	૧૫૧૭	૧૫૨૬	૯

બહિલોલખાં—૧૪૫૦–૧૪૮૮. એ પ્રથમ પંજાબનો સૂબો હતો. દિલ્લીની ગાદી એને હાથ આવી, પછી તેણે ધીમે ધીમે રાજ્ય વધાર્યું તથા મજબુત કર્યું. ૨૬ વરસ સુધી જુવાન-

પુરના રાજા સાથે લઢી તેનો પ્રાંત તાબે કર્યો. તેના પછી તેનો દીકરો ગાદીએ બેઠો.

સિકંદર—૧૪૮૮–૧૫૧૭. એ બહુ ધર્માંધ હતો. તેથી તેણે હિંદુ ધર્મને ઘણું નુકશાન કર્યું. એણે પોતાની રાજધાની આગ્રામાં કરી હતી. એના વખતમાં ફિરંગી (પોર્ટુગીઝ) લોકો પહેલ વહેલા હિંદમાં આવ્યા તથા નાનકપંથ નીકળ્યો. પછી તેનો દીકરો પાદશાહ થયો.

ઇબ્રાહીમ—૧૫૧૭–૧૫૨૬ એ બેવકૂફ તથા નબળો હતો. તેના કેટલાક સૂબાઓએ બંડ કર્યાં. તેમાં પંજાબના સૂબા દોલતખાએ બાબરને પોતાની મદદે બોલાવ્યો. બાબર ફોજ લઇ ઇ. સ. ૧૫૨૬ માં હિંદમાં આવ્યો ને પાણીપતની લડાઇમાં ઇબ્રાહીમને મારી પોતે હિંદનો પાદશાહ થયો.

પ્રકરણ ૩ જું.

મોગલ વંશ. ૧૫૨૬-૧૮૫૭-૩૩૧.

ચોપાઇ.

મોગલ બાબર આવ્યો અહીં, સાલ પંદરસેં છવીશ મહીં;
પાછળ તેનો હુમાયું થયો, ગયું રાજ મક્કાને ગયો.
શુરવંશ થોડો શોભીઓ, ગાદિપર શિરશાહ શોભિયો;
મદદ મળી હુમાયું વળ્યો, શુરવંશ દિલ્હીથી ટળ્યો.
અકબર, જહાંગીરશા જુઓ, શાહજહાં પાછળથી હુઓ;
આલમગિર પાછળ આવીઓ, તે કોમને પણ નવ ભાવિયો.
બહાદુર, જહાંદાર ફરૂક, સૈયદથી હુઓ મહમુદ.
અહમદ, આલમગિર કાંપિઓ, શાહઆલમ અકબર આવિયો;
મહમુદ અશરફ બાસેટ જુઓ, રંગુન કેદ પડીને મુઓ.

નામ.	ક્યાંથી.	ક્યાંસુધી.	રાજ કર્યું.
૧ બાબર.	૧૫૨૬	૧૫૩૦	૪
૨ હુમાયું.	૧૫૩૦	૧૫૫૬	૨૬
૩ અકબર.	૧૫૫૬	૧૬૦૫	૪૯
૪ જહાંગીર.	૧૬૦૫	૧૬૨૭	૨૨
૫ શાહજહાં.	૧૬૨૭	૧૬૫૮	૩૧
૬ ઔરંગજેબ (આલમગીર ૧ લો.)	૧૬૫૮	૧૭૦૭	૪૯
૭ બહાદુરશાહ (શાહઆલમ ૧ લો)	૧૭૦૭	૧૭૧૨	૫

૮ જહાંદારશાહ.	૧૭૧૨	૧૭૧૩	૧
૯ ફરૂખશીર.	૧૭૧૩	૧૭૧૯	૬
૧૦ મહમદશાહ.	૧૭૧૯	૧૭૪૮	૨૯
૧૧ અહંમદશાહ.	૧૭૪૮	૧૭૫૪	૬
૧૨ આલમગિર બીજો.	૧૭૫૪	૧૭૫૯	૫
૧૩ શાહઆલમ બીજો.	૧૭૫૯	૧૮૦૬	૪૭
૧૪ અકબર બીજો.	૧૮૦૬	૧૮૩૭	૩૧
૧૫ મહંમદ બહાદુરશાહ.	૧૮૩૭	૧૮૫૭	૨૦

બાબર—૧૫૨૬-૧૫૩૦-એ બાર વર્ષની ઉમરે ઈ. સ. ૧૪૯૪ માં અફગાનિસ્તાનના ફરઘાન પ્રાંતમાં પોતાના બાપની પુંઠ ગાદી ઉપર બેઠો. તેણે ૧૪૯૭ માં પોતાના કાકાને હરાવી સમરકંદ જીત્યું. પણ ત્યાંના ઉસ્બેક લોકે બળવો કરી તેને કાઢી મૂકયો. તેથી તે કાબુલ ગયોને ૧૫૦૪ માં તે રાજ જીતી લીધું. પછી બાવીશ વર્ષ ત્યાંનો બંદોબસ્ત કરવામાં ગાળી હિંદુસ્તાન જીતવાની તૈયારી કરી. પંજાબના સૂબા દોલતખાંલોદીના બોલાવ્યાથી તે હિંદમાં આવ્યો ને ૧૫૨૬ માં પાણીપતના મેદાનમાં ઇબ્રાહીમ લોદીને હરાવી દિલ્લીની ગાદી લીધી પણ રજપૂતો સાથે લડવાનુ બાકી રહ્યું. ચિતોડના અને તેની આસપાસના મૂલકમાં સંગ નામે રજપૂત રાજા રાજ કરતો હતો. તેણે ઘણાક રાજાઓને પોતાની મદદે બોલાવી. ઈ. સ. ૧૫૨૭ માં ફતેહપુરસીક્રી આગળ બાબર સાથે યુદ્ધ કર્યું. તેમાં બાબર ઘણી મુશીબતે જીત્યો. એ વખતથી તેણે દારૂ નહિ પીવા બાધા લીધી. ૧૫૨૮ માં બાબરે ચદેરીને ઘેરો ઘાલ્યો, ત્યાંનો રાજા મેદનીરાય તેની સાથે બહાદુરીથી લ-

દીકરો પણ માર્યો ગયો. પછી બાબરે અયોધ્યા, બંગાળા, ને બહાર પ્રાંતો જીતી લીધા ને આગ્રે આવ્યો. અહિં તેનો વડો શાહજાદો હુમાયુ માંદો પડ્યો. તેથી તેણે વહેમી ક્રિયા કરી, પરમેશ્વર પાસે માગ્યું કે હું મારૂં બાકી રહેલું આયુષ્ય મારા દીકરાને આપું છું માટે હે પ્રભુ! તેને ઉગારી મને ઉપાડી લે. પછી તેનો દીકરો હુમાયુ સાજો થવા લાગ્યો. વહેમથી કે બીજા કોઈ કારણથી બાબરનું શરીર બગડ્યું, ને મરણ પામ્યો. તેનું મડદું કાબુલ લઈ જઈ દાટ્યું. એ શૂરો, ચતુર, લોભી, ને ધીરજવાન હતો. પોતાની રૈયતને સુખી કરવાને હમેશાં ઉપાય કરતો, અને ફોજનો ઘણો લોભ હતો તથા પોતાના કુટુંબ ઉપર ઘણો પ્યાર રાખતો. તેણે હિંદમાં ચાર વર્ષ ને બધું મળી ૩૬ વર્ષ રાજ્ય કર્યું.

બાબરને ચાર દીકરા હતા. હુમાયુ, કામરાન, હિંદાલ, ને મિરજાઅસ્કરી. હુમાયુ દિલ્હીની ગાદી ઉપર બેઠો; કામરાનના તાબામાં કંદહાર ને પંજાબ; હિંદાલને તાબે સંબલ પ્રાંત; ને મેવાતનો મુલક મિરજાઅસ્કરીના તાબામાં આવ્યો.

હુમાયુ—૧૫૩૦—૧૫૫૬ એના વખતમાં ઈબ્રાહીમ લોદીના કાકા અલાઉદ્દીને બંડ કર્યું તેને ગુજરાતના બહાદુર પાદશાહે મદદ કરી. તેથી હુમાયુએ જઈને તેને મંદેસર આગળ હરાવ્યો. ઈ. સ. ૧૫૩૫ પછી હુમાયુએ ગુજરાતમાં જઈ ચાંપાનેરનો ડુંગરી કિલ્લો જીતી લીધો. એવામાં શેરશાહ નામનો અફગાન સરદાર જે ચુનારગઢમાં રહેતો હતો, તેણે હુમાયુ સામે બંડ કરી બંગાળા તથ બહાર પ્રાંતો જીત્યા, તેને સજા કરવા સારૂ હુમાયુને ગુજરાતમાંથી એકાએક જવું પડ્યું તેથી બહાદુરશાહે પોતાનો મૂલક હાથ કર્યો ઈ. સ.

૧૫૩૯માં હુમાયુએ બક્સર આગળ અને ૧૫૪૦માં કનોજ આગળ શીરશાહ સાથે લડાઈ કરી પણ બંને ઠેકાણે પોતે હાર્યો, ને પોતાના કુટુંબને લઈને ઉમરકોટ ગયો. ત્યાં તેની રાણી હમીદાએ અકબરને જન્મ આપ્યો ૧૫૪૨. પછી પોતાના કુટુંબ સહિત હુમાયુ કાબુલ ગયો. ત્યાં પોતાની રાણી તથા કુવરને પોતાના ભાઈના કબજામાં સોંપી પોતે ઇરાન ગયો. ઇરાનના શાહ તમસ્પે તેની પાસે શિયાપંથ પાળવાની કબુલાત લઈ ૧૪૦૦૦ સ્વારની મદદ કરી. તે મદદ લઈ હુમાયુ કાબુલમાં આવ્યો. પ્રથમ પોતાના ભાઈઓને વશ કરી પોતાના વજીર બહેરામ સહિત હિંદમાં આવી. ઈ. સ.૧૫૫૬ માં શીરશાહના વંશજો પાસેથી દિલ્હીનુ રાજ લીધું.

સૂરવંશ—૧૫૪૦-૧૫૫૬-૧૬.

નામ.	ક્યાંથી.	ક્યાંસુધી.	રાજ કર્યું.
૧ શીરશાહ.	૧૫૪૦	૧૫૪૫	૫
૨ સલીમશાહ.	૧૫૪૫	૧૫૫૩	૮
૩ આદિલશાહ.	૧૫૫૩	૧૫૫૬	૩

શીરશાહ—૧૫૪૦-૧૫૪૫. હુમાયુ હારીને સિંધમાં નાશી ગયો ત્યારથી દિલ્હીનું રાજ શીરશાહને તાબે આવ્યું. બંગાળાના સૂબેદારે બંડ કરવાથી તેને હરાવી તાબે કર્યો. ચિતોડ, રણથંભોર, ગ્વાલીયર, કલિંજર વગેરેના હિંદુરાજાઓને જીતવાને તેણે પ્રયત્નો કર્યા પણ કંઈ વળ્યું નહિ. છેલ્લે ઈ. સ. ૧૫૪૫ માં કલિંજરને ઘેરો ઘાલ્યો હતો ત્યાં દારૂખાનું સળગવાથી તે બળી મુઓ. એણે કૂવા, તળાવ, ધર્મશાળાઓ, રસ્તા, વગેરે બંધાવી લોકોને સુખી કર્યા એના પછી તેનો દીકરો પાદશાહ થયો.

સલીમશાહ—૧૫૪૫–૧૫૫૩. એણે દિલ્હીમાં એક મહેલ બંધાવ્યો, તેને સલીમગઢ કહેછે, તે ગ્વાલીયરમાં મરણ પામ્યો. પછી તેનો ભાઈ આદિલી પાદશાહ થયો.

આદિલશાહ—૧૫૫૩–૧૫૫૬. એણે હલકા માણસોની પ્રીતિ કરી તેમને મોટાં મોટાં ઇનામો આપીને પોતાનો ખજાનો ખાલી કર્યો. પછી કેટલાક અમીરોની જાગીરો જપ્ત કરી, માટે તેમણે બંડ કર્યાં. એવામાં ઇરાનના પાદશાહની આપેલી મદદ લઈ હુમાયુ આવ્યો ને પાણીપતના મેદાનમાં આદિલીના વજીર હેમુને હરાવી દિલ્હી લીધું ૧૫૫૬. એજ વરસમાં હુમાયુ પોતાના મહેલની આરસની શીડી (નીસરણી) પરથી પડી જવાથી મરણ પામ્યો. તે સોળ વરસ બહાર રખડ્યો તે સુદ્ધાં તેણે ૨૬ વરસ રાજ કર્યું. તેની પાછળ તેનો દીકરો અકબર પાદશાહ થયો.

મોગલવંશ.

અકબર—૧૫૫૬–૧૬૦૫. એ ચોદ વરસની ઉમરે ગાદી ઉપર બેઠો. તે વખતે તેનો બધો કારભાર તેના બાપના વખતનો વજીર બેહેરામ ચલાવતો હતો. તે બહાદુર ને નીમકહલાલ પણ ગર્વીષ્ટ ને ઘાતકી હતો. લોકો તેને ખાનબાબા એટલે રાજપિતા કહેતા. અકબરે તેના ગર્વીષ્ટ તથા ઘાતકીપણાથી કંટાળી રાજની લગામ પોતાને હાથ લીધી, ને પોતાના સિવાય બીજા કોઇનો હુકમ માનવો નહિ એવો ઢંઢેરો ફેરવ્યો. તેથી બેહેરામને માઠું લાગ્યું, માટે તેણે પંજાબમાં જઈ બળવો કર્યો. અકબરે તેને પકડ્યો. પણ આગળની સારી નોકરીના ગુણ જાણીને તેના ઉપર દયા કરી તેનો ગુનોહ્ માફ કર્યો, ને તેને પેનશન બાંધી આપ્યું.

પછી બેહેરામ મક્કે જાત્રા (હજ) કરવા સારૂ જતો હતો. તેવામાં ગુજરાતમાં તેના કોઈ પઠાણ દુશ્મને તેને મારી નાંખ્યો ઇ.સ. ૧૫૬૦.

અકબરને નાનો જાણી તેના સરદારો તેને ગાંઠવા ન લાગ્યા. તેથી તેમને વશ કરવાને તેણે પ્રથમ લક્ષ આપ્યું. ખાનજમાન જુવાનપુરનો સૂબો હતો. તેણે બંડ કરવાથી તેને હરાવી તાબે કર્યો. આદમખાનને માળવાનો સૂબો નીમ્યો હતો પણ તે સ્વતંત્ર થવાથી પાદશાહે તેને વશ કર્યો. પોતાના સરદારોને વશ કર્યા પછી રજપૂત રાજાઓનો બંદોબસ્ત કરવામાં ચિત્ત પરોવ્યું. આગળના પાદશાહોને અફગાનીસ્તાન અને મધ્ય એશિઆમાંથી લશ્કરી મદદ મળતી, પણ તે પ્રાંતો અકબરના તાબામાં નહિ હોવાથી તેવી મદદ મળવાની તેને આશા નહોતી, માટે તે રજપૂત રાજાઓની સાથે દોસ્તી તથા સગાઈ કરવાને રજપૂતરાજાઓની કન્યાઓને પરણ્યો, તથા પોતાના દીકરાઓને પરણાવી, તથા તેમને મોટા હોદ્દાઓ આપી સ્નેહ વધાર્યો.

અકબર જેપુર તથા જોધપુરના રાજાઓની કુંવરીઓને પરણ્યો, અને જેપુરના રાજાના કુંવર ભગવાનદાસની કુંવરી વેરે પોતાના દીકરા સલીમને પરણાવ્યો. ચિતોડના રજપૂત રાજાએ મુસલમાનોને કન્યા આપવાની ના પાડી, અને અકબરનું ઉપરીપણું કબૂલ ન કર્યું, તેથી અકબરે ચિતોડ ઉપર સ્વારી કરી. રાણો ઉદેશીંગ નાશી ગયો, પણ તેનો સરદાર જેમલ ચિતોડગઢનું રક્ષણ બહુ બહાદુરીથી કરતાં પોતાના ૮૦૦૦ રજપૂતો સાથે મરાયો, ને અકબરે ચિતોડ લીધું ઈ. સ. ૧૫૬૮. ઉદેશીંગ તાબે ન થતાં અરવલીના ડુંગરોમાં ભરાયો. પછી તેના કુંવર પ્રતાપસિંહે

ધીમે ધીમે પોતાનો મૂલક જીતી લઈ ઉદેપુર વસાવી, ત્યાં પોતાની રાજધાની કરી (હાલ પણ ત્યાં તેના વંશજો રાજ કરે છે.)

અકબરે કરેલા સુધારા—(૧) મુસલમાનોની પેઠે હિંદુઓને તેમની લાયકી પ્રમાણે મોટા હોદ્દાઓની જગાઓ આપી (૨) જજીઆવેરો તથા જાત્રાળુવેરો માફ કર્યો (૩) સતી થવાનો રીવાજ બંધ કર્યો. (૪) બાળલગ્નની બંધી કરી. (૫) પુનર્લગ્ન કરવાની છૂટ આપી. (૬) વિદ્વાનોને આશરો આપ્યો. (૭) રૈયતને પોતાની મરજી પ્રમાણે ધર્મ પાળવા દીધો (૮) જમાબંધીની રીત બધાવી

અકબરના રાજ્યના કેટલાક બનાવોની સાલવાર નોંધ.

૧૫૬૬ માં આગ્રામાં કિલ્લો બાંધી પોતાની રાજધાની તે શહેરમાં કરી.

૧૫૭૨ માં માળવા પ્રાંત જીતી લીધો.

૧૫૭૩ માં ગુજરાતના ત્રીજા મુજફ્ફરને હરાવી તે પ્રાંત દિલ્હી સાથે જોડી દીધો. *

૧૫૭૪ માં ઓરીસ્સા પ્રાંત ટોડરમલે જીત્યો ને ૧૫૯૨ માં માનસિંગે તાબે કર્યો.

૧૫૭૬. બંગાળા પ્રાંત શીરશાહના વંશના દાઉદ પાસેથી ટોડરમલે જીતી લીધો, ને ૧૫૯૨ માં તાબે કર્યો.

૧૫૮૫. અકબરનો ભાઈ હકીમ કાબુલમાં મરણ પામવાથી તે પ્રાંત તેના કબજામાં આવ્યો.

---

* આ પ્રાંત આલમગીર બીજાના વખતમાં મરેઠાને હાથ જતાં સુધી મુગલ બાદશાહના તાબામાં રહ્યા. તે દરમીઆન તેમના તરફના પચાશેક સુબેદાર ગુજરાતનો કારભાર કરવાને આવ્યા હતા. છેલ્લા સૂબેદાર જુવામર્દખાં બાબીને દામાજી ગાયકવાડે અને પેશ્વાના ભાઈ રઘુ-

૧૫૮૬ કાશ્મીરનું મુસલમાની રાજ્ય અકબરે જીત્યું ને ૧૫૯૨ માં સંપૂર્ણ તાબે કર્યું.

૧૫૯૨ સિંધ પ્રાંત ત્યાંના હિંદુરાજા પાસેથી જીતી લીધો.

૧૫૯૨ કંદહાર પ્રાંત ઈરાની લોકો પાસેથી જીતી લીધો.

દક્ષિણ હિંદુસ્તાન—મહંમદ તઘલખના વખતમાં દક્ષિણમાં બાહ્માણી વંશ સ્થાપન થયો હતો. તેમાંથી આગળ જતાં પાંચ રાજ્ય થયાં. (૧) ઈમાદશાહી ૧૪૦૪ માં ઈલીચપુરમાં સ્થપાયું તે ૧૫૭૨ માં નિઝામશાહી રાજ્યે જીત્યું. (૨) આદીલશાહી ૧૪૮૯ માં વિજાપુરમાં સ્થાપન થયું તે ૧૬૬૮ માં ઔરંગજેબે જીત્યું (૩) નિજામશાહી ૧૪૯૦ માં અહંમદનગરમાં સ્થાપન થયું તે ૧૬૩૬ માં શાહજહાંને જીત્યું. (૪) બરીદશાહી એ ૧૪૯૮ માં બેદરમાં સ્થાપન થયું તે ૧૬૫૭ માં ઔરંગજેબે જીત્યું (૫) કુતુબશાહી એ ૧૫૧૨ માં ગોવળકોંડામાં સ્થાપન થયું તે ૧૬૮૮ માં ઔરંગજેબે જીત્યું એમાંથી અહમદનગરનો પાદશાહ ગુજરી જવાથી ચાર જણ ત્યાંની ગાદીનો દાવો કરતા હતા. તેમાંના એકે અકબરની મદદ માગી અકબરે પોતાનો દીકરો મુરાદ જે ગુજરાતનો સુબો હતો તેને મોકલ્યો અહંમદનગરમાં ચાંદબીબી કરીને બહાદુર સ્ત્રી હતી, તે તેની સામે થઈ પણ આખરે વરાડ પ્રાંત મુરાદને આપી તેની સાથે સલાહ કરી. ઈ સ. ૧૫૯૬. આગળ જતાં તે પ્રાંતના કબજા સંબંધી તકરાર ઉઠી, તેથી અકબર પંડે અહંમદનગર ગયો, ત્યારે પણ ચાંદબીબીએ પહેલાની પેઠે બહાદુરી બ-

નાથરાને જાગીર આપી રાજ સત્તા કબજે કરી જુનાગઢ, રાધનપુર અને બાલાસિનોરના નવાબો એ છેલ્લા સૂબેદારના વંશજ છે.

તાવી, પણ તેના લશ્કરી માણસોએ દગાથી તેને મારી નાંખી. ૧૫૯૯. તેથી અહમદનગર અકબરના તાબામાં આવ્યું, પણ ૧૬૩૬ માં શાહજહાંએ સંપૂર્ણ તાબે કર્યું.

યુસફ્જીલોકનું બંડ—પંજાબની વાવ્યકોણમાં યુસફ્જી એટલે રોશનીઆ પંથના પહાડી લોકો રહેતા હતા. તેમણે બંડ કરવાથી તેમને જીતવા સારૂ અકબરે પોતાના સરદાર જેનખાં તથા બીરબલને ફોજ આપી મોકલ્યા ઈ. સ. ૧૫૮૬. પણ એ બેમાં સંપ નહિ હોવાથી બીરબલ માર્યો ગયો ને જેનખાં પાછો આવ્યો પછી ટોડરમલ તથા માનસીંગને મોકલ્યા; તેમણે યુસફ્જી લોકના સરદાર જલાલને ઈ. સ. ૧૬૦૦ માં મારી નાંખી બદોબસ્ત કર્યો.

અકબરનું મરણ—એને ત્રણ છોકરા હતા. (૧) સલીમ. (૨) દાનીઆળ. (૩) મુરાદ. તેમાંથી સલીમ સિવાયના બે અકબર છતાં દારૂના વ્યસનથી મરણ પામ્યા હતા, અને સલીમ દારૂડીયો ને નઠારો હોવાથી તેના મનને ઘણો ખેદ થતો હતો. અકબર માંદો પડયો ત્યારે તેની પાછળ સલીમના દીકરા ખુશરૂને ગાદીએ બેસાડવાને ખટપટ થવા લાગી તેથી અકબરે પોતાના બધા સરદારોને બોલાવી તેમની સમક્ષ પોતાની તરવાર સલીમને બંધાવી ગાદીએ બેસાડયો. ને સલીમને મદદ કરવાની ભલામણ કરી. તેથી ખુશરૂના પક્ષનાઓનું કંઈ ચાલ્યું નહિ.

રાજ્ય વ્યવસ્થા—તેણે પોતાના રાજ્યના પંદર ભાગ પાડી, તે દરેક ભાગપર એક એક સુબો નીમ્યો હતો. તેમને લશ્કરી તથા દીવાની સંપૂર્ણ સત્તા આપી હતી. સેનાપતિઓને જાગીરને બદલે પગાર આપવાનો ધારો કર્યો હતો. સુબાઓ બરો-

બર બંદોબસ્ત રાખે છે કે નહિ તેની ચોકસી પૂરી રાખતો. એના રાજમાં જમીનનું મેહસુલ સાડાસત્તર કરોડ રૂપિઆ અને તેની કુલ પેદાશ ૪૨ કરોડની હતી.

અકબરની જમાબંધીની રીત—ખેડુતોના ઉપર જુલમ ન ગુજરે તેથી તેણે પોતાના રાજમાં જમાબંધીની રીત બાંધી. (૧) એક સરખા માપથી તમામ જમીન મપાવી. (૨) દર વીઘે દર વરસે કેટલો પાક થાય છે તે નક્કી કર્યું ને તેનો ત્રીજો હિસ્સો સરકારે લેવો એમ ઠરાવ્યું. (૩) દાણાને બદલે રોકડું નાણું લેવાનું ઠરાવ્યું તેમ છતાં કોઇ દાણા આપે તો તે લેવાની છૂટ રાખી હતી. આ પ્રમાણે જમીનની તપાસણી પહેલાં વર્ષોવર્ષ કરવામાં આવતી. પાછળથી તેમાં સુધારો કરી દશ દશ વર્ષે જમાબંધી કરવાનો ઠરાવ કર્યો હાલ અંગ્રેજી રાજમાં ત્રીસ વર્ષે ફરીને જમીનની સરવૈ થાય છે.

અકબરના સરદારો—(૧) ટોડરમલ એ હિંદુ સરદારે જમાબંધી બાંધવામાં ઘણી મદદ કરી. (૨) માનસિંગ એ જેપુરના રાજા ભગવાનદાસનો દીકરો હતો. તેને અકબરે પોતાનો વડો સેનાપતિ નીમ્યો હતો. તેણે પંજાબ, ઓઢીઆ વગેરે પ્રાંતો જીતવામાં ઘણી મદદ કરી હતી. (૩) ભગવાનદાસ પંજાબનો સુબો હતો. (૪) અબુલફજલ, એ વસુલ ખાતાનો પ્રધાન હતો, તેણે "આઇન અકબરી" એટલે અકબરના કાયદાનું પુસ્તક રચ્યું છે. (૫) ફૈજી. અબુલફજલનો ભાઇ હતો. એ મોટો વિદ્વાન હતો. તેણે સંસ્કૃતનો અભ્યાસ કરી, મહાભારત, અને રામાયણ વગેરે પુસ્તકોના ફારશીમાં તરજુમા કર્યા. (૬) બીરબલ એ સરદાર કવિ

ત્યું હતો એ શિવાય અકબરના દરબારમાં ગંગ કવિ અને તાન-સેન ગવૈયો એ મોટા હતા. વળી મીરજનખાં જેનખાં વગેરે ઘણા સરદારો હતા.

સલીમ—૧૬૦૫-૧૬૨૭. એ જહાંગીર (દુનિયાં જીતનાર) નામ ધારણ કરી ગાદી ઉપર બેઠો. પોતાના બાપની રાજનીતિ તથા ધર્મ પ્રમાણે ચાલી કારભાર ચલાવ્યો એના સામે એના મોટા દીકરા ખુશરૂએ બંડ કર્યું તેને પકડી કેદ કર્યો, ને તેનાં ૭૦૦ માણસોને મારી નાંખ્યાં.

નૂરજહાં—(દુનિઆનું તેજ) એ બાઈ કંદહારમાં આવી રહેલા કોઈ ગરીબ ઈરાની ઉમરાવની બેટી હતી, તેનો બાપ ખોરાકની ભીડમાં હોવાથી તેને મારી નાંખવાનો વિચાર કરતો હતો તેવામાં કોઈ વેપારીએ તેને વેચાતી લીધી. અને તેની માને ધાવ તરીકે નોકર રાખી પછી તે દિલ્હીમાં આવી રહ્યાં. અકબરના જનાનખાનામાં નૂરજહાં આવતી જતી તે જહાંગીરના જોવામાં આવી, તે રૂપાળી હોવાથી જહાંગીરે તેને પરણવા ચાહ્યું. પણ અકબરને તે પસંદ નહિ પડવાથી શીરઅફગાન નામે ઈરાની સરદાર સાથે તેને પરણાવી બંગાળે મોકલી દીધી. અકબરના મરણ પછી જહાંગીરે એ બાઈના ધણીને મારી નંખાવી તેની સાથે ઈ. સ. ૧૬૧૧ માં લગ્ન કર્યું. નૂરજહાંએ જહાંગીરની પ્રીતિ મેળવી અને પોતાના બાપને તથા ભાઈ અસોફખાંને મોટી મોટી જગાઓ અપાવી પોતાની આંગળીઆટ દીકરી હતી તે જહાંગીરના દીકરા શહરીયાર સાથે પરણાવી.

જહાંગીરના દીકરા ખુરમે ઈ. સ. ૧૬૧૪ માં ઉદેપુરના રાણા

અમરસિંગને હરાવી તાબે કર્યો, તેથી પાદશાહે તેને શાહનો ખિ-તાબ આપ્યો. એ શાહજહાંને ફોજ આપી દક્ષિણ જીતવા મોકલ્યો. દક્ષિણમાં અહંમદનાગરનું રાજ અકબરે તાબે કર્યું હતું, પણ ત્યાંનો વજીર મલિકંબર ૧૬૧૦ માં સ્વતંત્ર થયો હતો. માટે શાહજહાંએ તેને હરાવી તાબે કર્યો.

શાહજહાંનું બંડ.—જહાંગીરનો મોટો દીકરો ખુશરૂ કેદખાનામાં મરણ પામ્યો હતો, અને શાહજહાં પરાક્રમી નીકળવાથી પાદશાહની તેના ઉપર પ્રીતિ હતી, પણ નૂરજહાંની મરજી પોતાના જમાઈ શહરીયારને ગાદી અપાવવાની હોવાથી તે શાહજહાંની અદેખાઈ કરતી. એવામાં કંદહાર ઈરાની લોકોએ જીતી લીધું, તેથી ત્યાં જઈ તે પાછું જીતી લેવાનો હુકમ શાહજહાંપર પાદશાહ પાસે લખાવ્યો, તે શાહજહાંએ માન્યો નહિ, ત્યારે તેની પાસેનું લશ્કર મંગાવવા હુકમ કર્યો. તે પણ નહિ માનતાં તેણે બંડ કર્યું તેને સજા કરવા શાહજાદા પરવીઝને તથા મોહોબતખાં નામે સરદારને મોકલ્યા, તેમણે શાહજહાંને હરાવ્યાથી તે બંગાળે ગયો અને ત્યાંથી પાછો દક્ષિણમાં આવી અહંમદનગરના વજીર મલિક-બરને મળી ગયો છેવટ બાપ પાસે માફી માગી તાબે થયો.

મોહોબતખાંનું બંડ—એ સરદારનું બળ તથા સત્તા વધતી જતી જોઈ નૂરજહાં તેની અદેખાઈ કરવા લાગી પૈસા ઉચાપત કરવાનું તહોમત તેને માથે મૂકી તેનો જવાબ દેવા પાદ-શાહની હજુરમાં બોલાવ્યો. મોહબતખાં શૂરવીર તથા ચતુર હતો, તેથી નૂરજહાંનું કપટ સમજ્યો. અને જહાંગીર પાદશાહ જેલમ નદી ઉતરતો હતો, તે વખતે તેને પકડી કેદ કર્યો. ૧૬૨૬. બીજે

દિવસે નૂરજહાંએ પાદશાહને છોડાવવાને પ્રયત્ન કર્યો પણ કંઈ ફાવ્યું નહિ, ત્યારે પોતે પણ પાદશાહ જોડે કેદમાં આવી. પછી મોહોબતખાંના લશ્કરમાં પોતાનાં મળતીઆં માણસો રખાવી કપટથી પોતે તથા પાદશાહ તેના કબજામાંથી છૂટયાં. મોહોબતખાં નાશીને દક્ષિણમાં શાહજહાં સાથે મળી ગયો. પછી જહાંગીર કાસ્મીર ગયો. ત્યાં ઈ. સ. ૧૬૨૭ માં દમના રોગે મરણ પામ્યો.

આ પાદશાહના વખતમાં ઈ સ. ૧૬૧૫ માં સર ટામસરો નામે ઈંગ્લાંડના રાજાનો વકીલ હિંદમાં આવ્યો હતો. તેણે જે હકીકત લખી છે તે ઉપરથી તથા જહાંગીરે પોતાનું રોજનામું લખ્યું છે તે ઉપરથી માલૂમ પડે છે કે એ પાદશાહ બુદ્ધિમાન ને ન્યાયી પણ અતડો હતો. તે ઘણો નીશો કરતો. તોપણ પોતાની રૈયતને દારૂ પીવાની મના કરી હતી. ઈનસાફ માગવા આવનારને હરકત ન પડે માટે તેણે પોતાના મહેલમાં એક ઘંટ બાંધી તેની દોરી મહેલની બહાર રાખી હતી, તેથી ફરિયાદ કરનાર બારોબાર તેને અરજ કરી શકતા. એને અદલનો ઘંટ કહેતા. એના વખતમાં તમાકુ પીવાનો ચાલ નીકળ્યો. એના રાજની કુલ પેદાશ ૫૦ કરોડ રૂપિયાના હતી.

શાહજહાં—૧૬૨૭—૧૬૫૮. જહાંગીર મરણ પામ્યો ત્યારે શાહજહાં દક્ષિણથી આવી અસોફખાં તથા મોહોબતખાંની મદદથી ગાદી ઉપર બેઠો, ને નૂરજહાંને કેદ કરી, તથા શહરીયાર વગેરેને મારી નાંખ્યા. ઈ. સ. ૧૬૩૦ માં માળવાનો સૂબો ખાંનજહાં લોદી બંડ કરવાથી માર્યો ગયો. ત્યાર પછી ઉત્તર હિંદુસ્તાનમાં શાંતિ ચાલી.

૧૬૩૬ માં અહંમદનગર તથા ઈલીચપુરનાં રાજ્ય જીત્યાં

તે વખતે દક્ષિણમાં મરેઠા જોરપર હતા, તેમના સરદાર શાહજીએ અહંમદનગરની વજીરાત લીધી હતી પણ એને પાદશાહ સાથે સલાહ કરવી પડી.

૧૬૩૭ માં કંદહાર તથા કાબુલ જીત્યાં. પણ કંદહાર પ્રાંત ઇરાનીઓએ ૧૬૫૩ માં પાછો જીતી લીધો, તે લેવા ઔરંગજેબ તથા દારાએ બે વાર પ્રયત્ન કર્યા, પણ ક. વળ્યું નહિ.

૧૬૫૭—બેદરનું રાજ્ય જીત્યું. ને શાહજાદા ઔરંગજેબે ગોવળકોંડા તથા વિજાપુરના રાજાઓને ખંડણી આપવાની જરૂર પાડી.

શાહજહાંના રાજની હકીકત—એ પાદશાહે કરકસરથી ઘણો પૈસો એકઠો કર્યો, ને તે વડે સારાં સારાં મકાનો બંધાવી વૈભવ ભોગવવા લાગ્યો. દિલ્લીમાં જુમામસીદ, રાજમહેલ વગેરે સારી સારી ઇમારતો બંધાવી તથા આગ્રામાં મોતીમસ્જીદ અને તાજમહેલ નામે સુંદર આરસની ઇમારત બંધાવી (એના જેવું સુંદર મકાન દુનિયામાં બીજું નહિ હશે.) એના સરદાર અલીવર્દિખાંએ ઇમારતી કામમાં તેને સારી મદદ કરી હતી. એ બાદશાહે સાડા છ કરોડ રૂપિયા ખરચી પોતાને બેસવા માટે મયુરાસન કરાવ્યું. તેની પૂછડીમાં હીરા, માણેક, મોતી, પાના, વગેરે નંગ જડાવ્યાં. એના વખતમાં દેશ આબાદ ને રૈયત સુખી હતી. તેના દરબારનો ભપકો સારો હતો.

ઔરંગજેબનું બંડ—શાહજહાંને ચાર છોકરા હતા. દારા, સુજા, ઔરંગજેબ, ને મુરાદ. તે દરેકને મોટા મોટા હોદ્દા આપ્યા હતા. દારાને પોતાની પાસે રાખ્યો હતો, સુજાને બંગાળાનો, મુરાદને ગુજરાતનો અને ઔરંગજેબને દક્ષિણનો સૂબો બનાવ્યો હતો.

૧૬૫૬ માં બાદશાહ માંદો પડ્યો, ત્યારે તેઓ પોતપોતાને પાદશાહ કહેવડાવવા લાગ્યા. સુજા ચડી આવ્યો, તેથી દારાએ તેને બનારસ આગળ હરાવીને નસાડી મૂક્યો. પછી શાહજહાંએ સાજો થવાથી રાજકારભાર પોતાને હાથ લીધો. પણ તેના દીકરાઓ માંહોમાંહે લઢવા લાગ્યા. ઔરંગઝેબે મુરાદને બોળાવી રાજ આપવાની લાલચ બતાવી પોતાના પક્ષમાં લીધો. પછી ઔરંગઝેબ અને મુરાદની એકઠી મળેલી ફોજ દારા સામે ચાલી. દારાના સરદાર જસવતસિંહે ઉજ્જયન આગળ સંપીલા બાઈઓ સાથે લઢાઈ કરી, પણ તેમાં હાર્યો. તેથી મુરાદ તથા ઔરંગઝેબ આગળ ચાલ્યા, અને વળી આગ્રા આગળ દારાને હરાવી નસાડી મૂક્યો. પછી ઔરંગઝેબ આગ્રા જીતી પોતાના બાપ પાસે ગયો તેણે એને ગાદી આપવાની ના પાડવાથી તેને કેદ કર્યો, અને પોતાના બાઈ મુરાદને પણ દગાથી બંદીખાને નાંખી ઈ. સ. ૧૬૫૮માં ઔરંગઝેબ પાદશાહ થયો.

ઔરંગઝેબ—૧૬૫૮–૧૭૦૭. એણે પોતાના બાપને પદભ્રષ્ટ કરી આલમગિર નામ ધારણ કરી ગાદી ઉપર બેશી પોતાના બાઈઓનો નાશ કર્યો. પ્રથમ દારા ઉપર ચઢાઈ કરી અજમેર આગળ તેને હરાવ્યો. તેથી દારા નાશી સિંધમાં ગયો. ત્યાંના જુના તાલુકદારે તેને તથા તેના દીકરાને પકડી દિલ્લી મોકલી દીધા. આલમગિરે તેને થોડીકવાર કેદમાં રાખી ૧૬૫૯ માં મારી નંખાવ્યો. પછી સુજા સાથે લઢાઈ કરી તેને આરાકાનમાં નસાડી મૂક્યો. ત્યાં તે ૧૬૬૦ માં મરણ પામ્યો, અને મુરાદને ૧૬૬૧ માં કેદખાનામાં મારી નંખાવ્યો તથા દારાનો દીકરો સુલેમાન ગ્વાલીયરના કિલ્લામાં કેદ હતો તે પણ મરણ પામ્યો. એ પ્રમાણે પોતાના

ભાઈ ભત્રીજાઓને મારી આલમગિર શાંતિમાં રાજ કરવા લાગ્યો.

૧૬૬૨ માં આસામપર ચઢાઈ કરી, પણ ખરાબ હવા પાણી અને ડુંગરી પ્રદેશને લીધે ત્યાંથી પાછું આવવું પડ્યું.

રજપૂતો સાથે અણબનાવ—રજપૂત રાજ્યો સાથે અકબરે પ્રીતિથી વર્તી તેમને પોતાના મિત્ર કર્યા હતા, પણ ઔરંગજેબે ધર્માંધપણાથી હિંદુ મુસલમાન વચ્ચે ભેદ ગણી હિંદુઓને સરકારી મોટા હોદ્દાઓની નોકરીમાંથી બાતલ કર્યા તથા અકબરના વખતથી નીકળી ગયેલો જજીઆવેરો લેવો શરૂ કર્યો. તેથી ઘણાક હિંદુઓ નાખુશ થઈ તેની સામે થયા.

આ વખતે રજપૂતોનાં ત્રણ મોટાં રાજ્ય હતાં (૧) જોધપુર, (૨) જેપુર, (૩) ઉદેપુર. તેમાં જોધપુરનો રાજા જસવંતસિંહ જે કાબુલનો સુબો હતો. તે મરણ પામવાથી તેનાં બાઈડી છોકરાં હિંદમાં આવતાં હતાં, તેમને પકડવાની ઔરંગજેબે કોશિષ કરી. તેમને ઉદેપુરના રાણા રાજસિંહે ઘણી મહેનતે બચાવ્યાં, ને જોધપુર મોકલી દીધાં. તથા જજીઆવેરાની સામે રજપૂત સેનાની આગેવાની રાજસિંહે કરી હતી, તેથી ઔરંગજેબે મોટી ફોજ પોતાના શાહજાદા અકબરની સરદારી નીચે ઉદેપુર મોકલી. તે વખતે રજપૂત સરદાર દુર્ગાદાસે શાહજાદા અકબરને રાજ અપાવવાની લાલચ બતાવી સૈન્ય સહિત પોતાના પક્ષમાં લીધો. ૧૬૮૦. ઔરંગજેબે મોગલ સૈન્યને સમજાવીને પોતાના પક્ષમાં લીધું. તેથી અકબર નાસી દક્ષિણમાં મરેઠાને આશરે ગયો. ત્યાં નહિ ફાવવાથી ઈરાન જતો રહ્યો ને મરણ પામ્યો. રજપૂતો હિંમત નહિ હારતાં બહાદુરીથી લઢ્યા. આખરે ઔરં-

ગજેએ ઈ. સ. ૧૬૮૧ માં તેમની સાથે સલાહ કરી.

દિલ્હીની પાસેના નારનોળ ગામમાં સતનરામી પંથના હિંદુઓએ ઔરંગજેબના જુલમથી કંટાળી બળવો ઉઠાવ્યો. તેમને ઈ. સ. ૧૬૭૬ માં હરાવ્યા વળી પંદરમા સૈકડામાં નાનકશાહે પંજાબમાં શીખ ધર્મ સ્થાપ્યો હતો તેમના ઉપર જુલમ કરવાથી નાનકથી દશમા પુરૂષ ગુરૂગોવિંદે શીખ લોકોને હથિયાર ઝલાવી મુસલમાન સામે લડવાને ઉશ્કેર્યા.

દક્ષિણ ઉપર ચઢાઇ—ઔરંગજેબે પોતાના બાપના વખતમાં દક્ષિણમાં વિજાપુર તથા ગોવલકોંડાના રાજને ખંડણી આપવાની જરૂર પાડી હતી. ને ૧૬૮૮ માં તે બંને રાજ જીતી લીધાં. એ વખતે દક્ષિણમાં મરેઠા જોરપર હતા તેમને વિજાપુર અને ગોવલકોંડાના રાજમાંથી નાસી પડેલા લશ્કરી માણસો આવી મળ્યા, તેથી મરેઠા વધારે જોરાવર થયા. તેમને વશ કરવાને ઔરંગજેબ ૧૭૦૭ માં અહમદનગરના કિલ્લામાં મરણ પામ્યો ત્યાં સુધી મથ્યો પણ કંઈ વળ્યું નહિ.

મરેઠા—માલોજી અહમદનગરના રાજમાં નોકર હતો. તેને શાહજી નામે પુત્ર થયો એ શાહજીનો દીકરો **શિવાજી** મરેઠી રાજ્ય સ્થાપનાર મૂળ પુરૂષ હતો. તે ઈ. સ. ૧૬૨૭ માં જન્મ્યો હતો. તેના બાપને અહમદનગર અને વિજાપુરના રાજાઓએ બે જાગીરો આપી હતી. પહેલી સતારાની દક્ષિણે, બીજી તંજાવરમાં. શિવાજી પોતાની મા પાસે પહેલી જાગીરમાં રહેતો હતો. તેને કેળવણી આપવાને દાદાજી કોંડદેવ નામે બ્રાહ્મણને રાખ્યો હતો. શિવાજી બહુ ભણ્યો નહિ પણ હથિયાર વાપરવાનું તથા ઘોડે

બેસવાનું કામ સારી રીતે શીખ્યો. અને ઉમર લાયક થતાં આસપાસના પહાડી લોકોને એકઠા કરી, તથા હિંદુઓમાં ધર્માભિમાન ઉત્પન્ન કરી, વિજાપુર તાબાના કેટલાક ડુંગરી કિલ્લા જીતવા લાગ્યો. તેને વશ કરવા પાદશાહે અફજલખાં નામે વિજાપુરના હાકેમને મોકલ્યો. શિવાજીએ દગાથી તેને પ્રતાપગઢના ડુંગરી કિલ્લામાં મારી નાંખ્યો.

મરેઠાઓની લઢવાની રીત એવી હતી કે દુશ્મનોની સામે ઉભા રહી લઢવું નહિ, પણ તેમના ઉપર ઓચિંતો છાપો મારવો કે તેમની છાવણીઓ લુંટી હેરાન કરવા, ને પછી નાશી જવું. શિવાજી પાસે કસાએલા હિંદુ સ્વારોનું લશ્કર હતું તેમને તે પગાર આપતો નહોતો પણ લુંટમાંથી ભાગ આપતો ને જરૂર પડે એકઠા કરતો.

મોગલો દક્ષિણમાં વિજાપુરનું રાજ્ય જીતવા ગયા. તે વખત શિવાજી એકવાર દક્ષિણના મુસલમાનોને, તો એક વાર ઔરંગજેબને મદદ કરી પોતાનું કામ કહાડી લેતો. એ પ્રમાણે કોકણ તથા મહારાષ્ટ્રનો ઘણો ભાગ તેના તાબામાં આવ્યો, તેણે ૧૬૬૨ માં ઔરંગજેબના મામા સાઇસ્તખાંને પુનામાંથી રાતની વખતે છાપો મારી જખમી કરી નસાડચો. ૧૬૬૩ માં સુરત શહેર પહેલીવાર લુંટી ઘણું ધન મેળવ્યું. ૧૬૬૪ માં તેનો બાપ મરણ પામવાથી રાયગઢમાં રાજધાની કરી, રાજા કહેવડાવવા લાગ્યો. ૧૬૬૫ માં ઔરંગજેબને વિજાપુર જીતવામાં મદદ કરી તેથી ઔરંગજેબે તેને પોતાની રાજધાની દિલ્હીમાં આવવાને આમંત્રણ કર્યું. શિવાજી પોતાના દીકરા શંભાજીને સાથે લઈ દિલ્હી ગયો. પાદશાહે તેનો

આદરસત્કાર ન કરતાં કેદ કરી લીધો. શિવાજી યુક્તિથી પોતાના દીકરા સહિત છુપી રીતે પોતાની રાજધાની રાયગઢમાં નાશી ગયો ઇ. સ. ૧૬૬૬. શિવાજીએ ૧૬૭૦ માં સુરત શહેર બીજીવાર લૂંટયું. ૧૬૭૪ માં ફરીને રાજ્યાભિષેક (રાજ્ય+અભિષેક) કરાવી પોતાની તુલા સોનાથી કરી, રાજાધિરાજ કહેવાયો.

તે શરીરે ઠીંગણો ને મજબુત બાંધાનો હતો. તેણે લોકોમાં હિંદુધર્મનું અભિમાન ઉત્પન્ન કર્યું તેની પાછળ તેનો દીકરો શંભાજી ૧૬૮૦. ગાદી ઉપર બેઠો તેને કલુશા નામના બ્રાહ્મણની ખરાબ સોબત હતી. શંભાજી એકવાર નીશામાં ચકચૂર થઇ બાગમાં બેઠો હતો, તેવામાં ઔરંગજેબે તેને પકડી કેદ કર્યો, ને કહ્યું કે મુસલમાન થાય તો જીવતો મૂકું ત્યારે તેણે કહ્યું તારી બેટી પરણાવે તો મુસલમાન થાઉં. તેથી પાદશાહે તેને બહુ ઘાતકી રીતે મારી નાંખ્યો; ને તેના દીકરાને કુટુંબ સહિત કેદ કરી દિલ્હી લઇ ગયો ૧૬૮૩.

શંભાજી પકડાયાથી મરેઠી સરદારોએ શંભાજીના ઓરમાન ભાઇ રાજારામને ગાદી ઉપર બેસાડી તેને જંજીના કિલ્લામાં રાખ્યો. તેની ખબર ઔરંગજેબને પડવાથી જુલફિકારખાં નામે સરદારને મોકલ્યો. તેણે જંજીગઢ જીત્યો. પણ રાજારામ લાંચ આપી નાશી ગયો. પછી ઈ. સ. ૧૭૦૦ માં મરણ પામ્યો.

રાજારામ પછી તેના દીકરા શિવાજી બીજાને ગાદી મળી. પણ તે નાનો હોવાથી તેની મા તારાબાઇ કારભાર કરવા લાગી. ને બાઇએ ઔરંગજેબને મરતાં સુધી હંફાવ્યો.

ઔરંગજેબ સૂરો, દીર્ઘદષ્ટિવાળો, ઉદ્યોગી ને ધીરજવાન, પણ કપટી, ઘાતકી, ને ધર્માંધ હતો. એના વખતમાં મુગલાઇ

રાજ્યની પડતીનાં બી રોપાયાં. એનું રાજ્ય કાશ્મીરથી કન્યાકુમારી સૂધી અને સિંધથી આસામ સૂધી હતું. એના રાજ્યની કુલ ઉપજ ૮૦ કરોડ રૂપિયા હતી.

બહાદુરશાહ કે શાહઆલમ ૧ લો—૧૭૦૭–૧૭૧૨. ઔરંગજેબના ત્રણ દીકરા મોઆજીમ, આજીમ ને કામબક્ષ ગાદીને માટે માંહોમાંહે લઢ્યા. બન્નાને મારીને મોઆજીમ બહાદુરશાહ નામ ધારણ કરી ગાદીએ બેઠો. રાજની લગામ જુલફીકારખાં નામે વજીરને હાથ હતી. એના વખતમાં પંજાબમાં શીખ લોકોએ પોતાના સરદાર બંદુની સરદારી નીચે બંડ ઉઠાવ્યું. તેમની સાથે લઢવા માટે શાહઆલમે મરેઠાઓને ચોથ ઉઘરાવવાનો અને રજપૂતોને સ્વતંત્રતાનો હક્ક આપી સંધિ કરી. પણ તેનાથી મરતાંસૂધી શીખ લોક વશ થયા નહિ.

જહાંદારશાહ—૧૭૧૨–૧૭૧૩—એ શાહઆલમનો વડો દીકરો, જુલફીકારખાંની મદદથી પોતાના ભાઇભત્રિજાઓને મારીને ગાદી ઉપર બેઠો. પણ તેની કતલમાંથી બચેલો તેનો ભત્રિજો ફરૂખશિર બહાર પ્રાંતના સૂબા સૈયદહુસેન તથા અલ્હાબાદના સૂબા સૈયદ અબદલ્લા એ બે ભાઇની મદદ લઇ લઢવા આવ્યો. તેમાં જહાંદારશાહ પોતાના વજીર જુલફીકારખાં સહિત આગ્રાની લડાઇમાં મરાયો, ને ફરૂખશિર પાદશાહ થયો.

ફરૂખશિર—૧૭૧૩—૧૭૧૯—સૈયદહુસેન તથા અબદલ્લાની મદદથી એ પાદશાહ થયો. માટે એ બે સૈયદ ભાઇઓને હાથ તેનો કારભાર આવ્યો. જોધપુરના રાજા સાથે લડાઇ ચાલતી હતી, તે રાજાની કન્યા પાદશાહે પરણવી એ સરતે તેની સાથે

સલાહ કરી. એવામાં બાદશાહ માંદો પડ્યો, તેને હેમીલ્ટન નામે અંગ્રેજ ડાક્ટરે સાજો કર્યો, પછી ઝટ તેનું લગ્ન થયું. ડાક્ટરને ખુશી કરવા માટે તેની ઇચ્છા પ્રમાણે અંગ્રેજી કંપનીને બંગાળાના ૩૭ તાલુકાની જમીનદારીની અને કંપનીના માલના હાંસલની માફીની સનંદ આપી. પંજાબમાં શીખ સરદાર બંદુ લુંટફાટ કરવા લાગ્યો, તેને તેનાં માણસો સહિત મારી નાંખ્યો. સૈયદ અબદલ્લા પાદશાહની પાસે રહ્યો ને હુસેન મરેઠાને વશ કરવા દક્ષિણમાં ગયો. ત્યાં તેની એવી વલે થઈ કે મરેઠાને ચોથ આપવાનો કરાર કરી સલાહ કરી, તે કરાર મંજુર કરાવવા માટે દશ હજાર મરેઠી સૈન્ય સહિત પેશ્વા બાલાજી વિશ્વનાથને દિલ્હી લાવ્યો. ફરૂખશિરે તે કરાર મંજુર કર્યો નહિ, ને અબદલ્લાને પોતાની પાસેથી ખશેડવાનો વિચાર કર્યો તેથી તે બે સૈયદ ભાઈઓએ પાદશાહને મારી નાંખ્યો ૧૭૧૯. પછી એક નાની ઉમ્મરના બાળકને લાવી ગાદીએ બેસાડ્યો. તે થોડા વખતમાં મરણ પામવાથી મહંમદશાહ નામે બીજા બાળકને ગાદી ઉપર બેસાડ્યો તેથી એ સૈયદોને પાદશાહ બનાવનાર કહે છે.

મહંમદશાહ—૧૭૧૯-૧૭૪૮-ફરૂખશિરને મારી નાંખવાથી ઘણા સરદારો સૈયદ ભાઈ ઉપર ગુસ્સે થયા. અસોફજા નામે મોટા સરદાર બંડ કરી દક્ષિણ ગયો. તેને જીતવા સૈયદહુસેન પાદશાહને લઈને દક્ષિણમાં જતો હતો તેવામાં રસ્તામાં તેને કોઈએ દગાથી મારી નાંખ્યો. અને તેના ભાઈ અબદુલ્લાને અસોફજાએ ૧૭૨૦ માં દિલ્હી પાસેના શાહપુર ગામ આગળ હરાવી કેદ કર્યો. પછી અસોફજાને વજીરાત મળી. પણ પાદશાહની નઠારી ચાલથી

કંટાળી અસોફજા રાજીનામું આપી દક્ષિણ ગયો.

આ વખતે મરેઠી રાજા શાહુનો વજીર પેશ્વા બાલાજી વિ-શ્વનાથ ૧૭૨૦ માં મરણ પામવાથી તેનો દીકરો બાજીરાવ પેશ્વા થયો. તે બહુ શૂરો ને ચતુર હતો. તેણે મુસલમાની રાજ તોડવાનો વિચાર કર્યો. બાજીરાવે માળવા ને ગુજરાતપર ચઢાઈ કરી ચોથ લીધી. બાજીરાવનો મોટો દુસ્મન અસોફજા હતો તેણે ગુજરાતમાં રહેલા મરેઠી સરદાર ત્રીંબકરાવ દાભાડે જોડે દોસ્તી કરી. બાજીરાવે આવીને ૧૭૩૧ માં ડભોઈ આગળ ત્રીંબકરાવ દાભાડેને મારી નાંખ્યો તેની જગાએ તેના છોકરાને નીમી પીલાજીને તેનો પેશકાર બનાવ્યો, * તથા ચંબલનદી સુધીનો માળવા પ્રાંત જીતી લીધો.

---

*ગુજરાતમાં મરેઠી અમલ.

દિલ્હીના બાદશાહ મહંમદશાહે જોધપુરના રાજા અભેસિંહને ગુજરાતનો સુબો ઠરાવી મોકલ્યો, તેણે પીલાજીને ડાકોરમાં મારી નંખાવ્યો. સતારાના માહારાજાએ પીલાજીનો અધિકાર તેના દીકરા દામાજીને આપ્યો. તેણે ગાયકવાડના રાજની સ્થાપના પૂરેપૂરી કરી વડોદરામાં ગાદી સ્થાપી. પણ ગુજરાતની ઉપજનો કેટલોક ભાગ પેશ્વાનો હતો તેથી તેમની તરફનો સુબો અમદાવાદમાં રહેતો હતો.

વડોદરાના ગાયકવાડની વંશાવળી.

૧ પીલાજી.	ઇ. સ.	૧૭૩૧	૧૭૩૨	૧
૨ દામાજી.		૧૭૩૨	૧૬૭૧	૩૭
૩ ફતેહસિંહ (શિયાજીની વતી.)		૧૭૬૯	૧૭૮૪	૧૫
૪ માનાજી.		૧૭૮૪	૧૭૯૩	[illegible]
૫ ગોવિંદરાવ.		૧૭૯૩	૧૮૦૦	૭
૬ આણંદરાવ.		૧૮૦૦	૧૮૧૯	૧૯

દિલ્હીના પાદશાહ મહમદશાહ પાસે બાજીરાવે ઘણોક મૂલક તથા ખંડણી માગી. બાદશાહે ના પાડી અને અસોફજાને પોતાના પક્ષમાં લઈ તેને મરેઠા સામે લઢવા મોકલ્યો. તેને બાજીરાવે ભોપાળ આગળ ૧૭૩૬ માં હરાવી બુંદેલખંડ સુધીનો મૂલક લીધો.

૭ શિયાજી (ત્રીજો)	૧૮૧૯	૧૮૪૭	૨૮
૮ ગણપતરાવ.	૧૮૪૭	૧૮૫૬	૯
૯ ખંડેરાવ.	૧૮૫૬	૧૮૭૧	૧૫
૧૦ મલ્હારરાવ.	૧૮૭૧	૧૮૭૫	૪
૧૧ શિયાજી (ત્રીજો)	૧૮૭૫	હાલરાજકરેછે.	

* ગુજરાતમાંથી મુગલાઈ અમલ ઉઠયો તે વારે સુરત અને તેની આસપાસનાં પ્રગણાંનો ધણી નવાબ હતો તે પોતાની સત્તા જાળવી નહિ શકવાથી અંગ્રેજને હાથ ગઈ.

દામાજી ગાયકવાડ--એના મરણ પછી તેનો વડો કુંવર શિયાજી થયો, પણ તેનામાં રાજ ચલાવવાની શક્તિ નહિ હોવાથી તેનો નાનો ભાઇ ફતેહસિંહ રાજકારભાર કરવા લાગ્યો પછી રઘુનાથરાવ પેશ્વા થયો. તેણે ગોવિંદરાવ ગાયકવાડને દામાજીનો વારસો આપવાનો ઠરાવ કર્યો. તેથી ભાઇઓમાં કજીઓ થયો.

ગોવિંદરાવ—એના વખતમાં શેલુકર નામે પેશ્વાનો સુબેદાર અમદાવાદમાં હતો તેણે ઘણો જુલમ કર્યો. સને ૧૮૦૦ માં સુરત અંગ્રેજને હાથ ગયું. ને ગોવિંદરાવે અમદાવાદમાંથી શેલુકરને પકડી પેશ્વાની સત્તા ઉઠાડી, અને ગુજરાતમાંનો પેશ્વાનો ભાગ દરવર્ષે પાંચ લાખ રૂપિયા આપવાની શરતે પોતે રાખ્યો.

આણંદરાવ—એના વખતમાં તેના પિત્રાઇ મલ્હારરાવે કડીમાં બંડ કર્યું પણ અંગ્રેજની મદદથી એ બંડખોરને આણંદરાવે હરાવ્યો. ત્યારથી અંગ્રેજી લશ્કર વડોદરામાં રહ્યું, તથા અંગ્રેજ સરકારની સલાહ પ્રમાણે ગાયકવાડ રાજ કરવા લાગ્યા.

ઈ. સ. ૧૭૩૮ માં નાદિરશાહ ચઢી આવ્યો. તેણે મહંમદશાહને હરાવી દિલ્લી શહેર લૂટી કતલ ચલાવી, ૩૦ હજાર માણસોના પ્રાણ લીધા. તથા પાદશાહી ખજાનો, મયુરાસન, કોહીનુર વગેરે રત્નો મળી આશરે ૩૨ કરોડની દોલત લઈ ગયો.

ઈ. સ. ૧૭૪૦ માં બાજીરાવ પેશ્વા મરણ પામ્યો તેની જગાએ તેનો મોટો દીકરો બાલાજી પેશ્વા થયો. વરાડના મરેઠી સરદાર રાઘોજી ભોંસલાની મરજી પેશ્વા (બ્રાહ્મણ પ્રધાનો) ની સત્તા અટકાવી મરેઠાઓને પ્રબળ કરવાની હતી. પણ તેનું કંઈ નહી ચાલવાથી તે પેશ્વા સાથે મળી ગયો. એ વખતે ગુજરાતમાં પીલાજી ગાયકવાડ, માળવામાં સિંધીઆ ને હોલકર અને વરાડમાં ભોંસલા, એ મરેઠી સરદારો કરતા કરાવતા હતા. બાલાજી પેશ્વાનો ભાઈ રઘુનાથરાવ મરેઠી લશ્કરનો મુખ્ય સેનાપતિ હતો.

નાદિરશાહના મરણ પછી તેનો સરદાર અહંમદ દુરાની કંદહારમાં સ્વતંત્રપણે રાજ કરવા લાગ્યો. તેણે ઈ. સ. ૧૭૪૮ માં હિંદપર પહેલી સ્વારી કરી તેને મહંમદશાહના દીકરા અહંમદશાહે અને વજીર કમરૂદ્દીને મળી સરહિંદ આગળ હરાવ્યો. મહંમદશાહ પછી તેનો દીકરો અહંમદ પાદશાહ થયો.

અહંમદશાહ—૧૭૪૮–૧૭૫૪. એના વખતમાં રોહીલા લોકે બંડ કર્યું તેમના સામે વજીર સાદતખાં (સફદરજંગ) ને મોકલ્યો. પણ તે હાર્યાથી પાદશાહે મરેઠાઓની મદદ મેળવી રોહીલા લોકોને ૧૭૫૧ માં તાબે કર્યા. એવામાં અહંમદ દુરાનીએ બીજીવાર સ્વારી કરી. તેને પંજાબ પ્રાંત આપી પાછો કાઢયો. ૧૭૫૨ વજીર ગાજીઉદ્દીને તેને આંધળો કરી મારી નાંખ્યો, ને

આલમગિરને ગાદી ઉપર બેસાડ્યો.

આલમગિર બીજો—૧૭૫૪-૧૭૫૯. એના વજીર ધાજીઉદ્દીને પંજાબમાં મૂકેલા અહંમદદુરાનીના સુબાને કાઢી મુકગો. તેથી અહંમદદુરાની ૧૭૫૬ માં ત્રીજીવાર ચઢી આવ્યો. ને દિલ્હી તથા મથુરાં લૂટી ઘણાં માણસોને કેદ કરી લઇ ગયો. અહંમદશાહે ધાજીઉદ્દીનને કાઢી એક રોહીલા સરદારને વજીર બનાવ્યો ધાજીઉદ્દીને રઘુનાથરાવ પેશ્વાને મદદે બોલાવ્યો, રઘુનાથરાવે ફરીને વજીરાત અપાવી. પછી રઘુનાથરાવે દુરાનીના તાબાનો પંજાબ પ્રાંત જીતી લીધો. તેથી અહંમદદુરાની ચોથીવાર ચઢી આવ્યો. ૧૭૫૯ તેને મરેઠી સરદાર સદાશીવ ભાઉએ હરાવ્યો. ધાજીઉદ્દીને આલમગિરને મારી નાંખી શાહઆલમને ગાદી ઉપર બેસાડ્યો.

શાહઆલમ બીજો—૧૭૫૯-૧૮૦૬. એ છેક નગળો બાદશાહ હતો. એના વખતમાં મરેઠાએ દિલ્હી તથા લાહોર જીત્યાં, અયોધ્યા તથા બંગાળાના નવાબો પાસેથી ખંડણી લીધી; ગુજરાત તથા માળવા કબજે કર્યા, અને દક્ષિણમાં નિજામને હરાવ્યો. આમ મરેઠા બળવત્તર થયા. એવામાં દુરાની પાંચમીવાર આવ્યો. તેની સાથે લઢવાને સદાશીવ ભાઉની સરદારી નીચે મોટું મરેઠી સૈન્ય ચાલ્યું. તમાં ગાયકવાડ, સિંધીઆ, હોલકર વગેરે મરેઠી સરદારો, તથા ભરતપુરનો જાટરાજા સુરજમલ, અને કેટલાક રજપૂત રાજાઓ તથા ચાકર માણુસો મળી આશરે ત્રણ લાખ માણુસ હતાં, અને અહંમદ દુરાની પાસે બધાં મળી ૯૧ હજાર માણુસ હતાં. સદાશીવ ભાઉએ જાટરાજાનું કહ્યું નહિ માનતાં લડાઈનો આરંભ કર્યો. તેથી સુરજમલ જતો રહ્યો. આ લડાઈ પાણીપતના

મેદાનમાં ૧૭૬૧ માં થઇ. તેમાં ભાઉ પોતે અને બાલાજી પેશ્વાનો દીકરો વિશ્વાસરાવ તથા આશરે બે લાખ મરેઠા માર્યા ગયા. દુરાની પણ જીત કરીને ગયો. તે ફરીને આવ્યોજ નહિ. મરેઠા પણ દક્ષિણમાં ગયા. તેથી શાહઆલમ ૧૭૭૧ સુધી અંગ્રેજની કબજે રહ્યો, પણ તેજ સાલમાં મરેઠાએ તેને થોડો મૂલક આપવાથી તેમના આશ્રા નીચે ગયો. ૧૭૮૬ માં ગુલામ કાદર નામે સરદારે તેને આંધળો કર્યો. પછી સિંધીઆએ તેને પોતાને કબજે લીધો. ૧૮૦૩ માં લૉર્ડ લેકે તેને છોડાવ્યો ને ૧૮૦૬માં મરણ પામ્યો.

અકબર ૨ જો—૧૮૦૬–૧૮૩૭–એ પણ નામનો પાદશાહ હતો, અને તેનું રક્ષણ અંગ્રેજો કરતા હતા. વળી એ વખતે પુનામાં છેલ્લો પેશ્વા બાજીરાવ પણ દમ વગરનો હોવાથી તેનું રાજ્ય સન ૧૮૧૮ માં અંગ્રેજોએ લીધું. હવે દેશમાં શાંતિ ચાલી.

મહંમદ બહાદુરશાહ—૧૮૩૭–૧૮૫૭ એ ૧૮૫૭ ના બળવામાં સામેલ થવાથી અંગ્રેજોએ તેને રંગુનમાં કેદ રાખ્યો ત્યાં ૧૮૬૨ માં મરણ પામ્યો એ રીતે મોગલ વંશનો અંત આવ્યો.

મુસલમાની વખતની સાલવારી.

ઈ. સ.

૫૭૦ મુસલમાની ધર્મસ્થાનપર મહંમદ પેગમ્બર જન્મ્યા.
૬૦૯ મહંમદ પેગમ્બરે મુસલમાની ધર્મ ચલાવ્યો.
૬૨૨ મહંમદ મદીને નાશી ગયા, ત્યારથી હીજરી સન ગણાયો.
૬૩૨ મહંમદ પેગમ્બરનો મદીનામાં કાળ થયો.
૭૧૨ કાસીમે સિંધપર સ્વારી કરી દાહીરરાજાને હરાવ્યો.
૮૬૨ ઘીજનીમાં મુસલમાની રાજ્ય સ્થાપન થયું.
૧૦૦૧ મહંમદ ઘિજનીએ જયપાળ ઉપર ચઢાઈ કરી હરાવ્યો
૧૦૦૮ અનંગપાળને પેશાવર આગળ મહંમદે હરાવ્યો.
૧૦૨૪ મહંમદ ઘિજનીએ ગુજરાતમાં સોમનાથનુ દેરૂં લૂંટયું.
૧૧૫૨ ઘોરીબાદશાહે ઘિજનીનું રાજ બેહેરામ પાસેથી લીધું.
૧૧૭૬ શાહબુદીને ગુજરાત ઉપર ચઢાઈ કરી તેમાં હાર્યો.
૧૧૮૬ ખુશરૂમલેક પાસેથી શાહબુદીને પંજાબ જીત્યું.
૧૧૯૧ સ્થાનેશ્વર આગળ પૃથુરાજે શાહબુદીનને હરાવ્યો.
૧૧૯૩ શાહબુદીને દિલ્લી ઉપર બીજીવાર સ્વારી કરી, પાણીપતના મેદાનમાં પૃથુરાજને મારી દિલ્લી લીધું.
૧૧૯૪ શાહબુદીને કનોજ લીધું.
૧૧૯૫ કુતબુદીને ગુજરાતપર ચઢાઈ કરી ભોળાભીમને હરાવ્યો.
૧૧૯૯ શાહબુદીનના સરદાર બખ્તીઆર ખિલજીએ બહારપ્રાંત જીત્યો.
૧૨૦૩ બખ્તીઆર ખિલજીએ બંગાળા પ્રાંત ત્યાંના હિંદુરાજા પાસેથી જીત્યો.
૧૨૦૬ ગક્કર લોકે શાહબુદીનને મારી નાંખ્યો.

૧૨૨૯ અલ્તમસે બહાર ને બંગાળા પ્રાંત જીતી લીધા.
૧૨૩૧ અલ્તમસે માળવા પ્રાંત જીત્યો.
૧૨૯૭ અલાઉદ્દીને કરણઘેલા પાસેથી ગુજરાત જીતી ખાલસા કર્યું.
૧૩૦૦ અલાઉદ્દીને રણથંભોરનો કીલ્લો જીત્યો.
૧૩૦૩ અલાઉદ્દીને ચિતોડપર ચઢાઇ કરી.
૧૩૦૬ મલેકકાફુરે વરંગુળ તથા દેવગિરિ જીતી લીધાં.
૧૩૧૦ મલેકકાફુરે કર્ણાટક સુધીનો મૂલક જીતી લૂંટી લીધો.
૧૩૧૩ મલેકકાફુરે દક્ષિણમાં છેક રામેશ્વર સુધીનો મુલક જીતી રામેશ્વરમાં એક મસીદ બંધાવી.
૧૩૧૫ મલેકકાફુરે અલાઉદ્દીનને ઝેર દઈ મારી નાંખ્યો.
૧૩૩૯ પંજાબના સૂબાએ બંડ કર્યું, તેને મારી નાંખ્યો.
૧૩૪૦ બંગાળામાં બળવો થયો તે સમ્યો નહિ.
૧૩૪૪ તૈલંગણના હિંદુ રાજા સ્વતંત્ર થયા.
૧૩૪૭ હુસનગંગુએ બ્રાહ્મણી રાજ સ્થાપ્યું.
૧૩૯૪ જુવાનપુરનો સૂબો સ્વતંત્ર થયો.
૧૩૯૮ તૈમુરે હિંદુસ્તાનપર ચઢાઇ કરી દિલ્લી શહેર પાંચ દિવસ સુધી લૂંટયું તથા બાળ્યું.
૧૪૦૧ માળવા પ્રાંત સ્વતંત્ર થયો.
૧૪૦૩ ગુજરાતનો સૂબો સ્વતંત્ર થયો.
૧૪૧૪ પંજાબના સૂબા ખિજરખાંએ દિલ્લીનું રાજ લીધું
૧૪૫૦ આલમે પોતાની ખુશીથી પંજાબના સૂબા બહીલોલને રાજ સોંપ્યું ને બદાવનમાં રહેવા ગયો.
૧૪૯૮ પોર્ટુગીઝ લોકો હિંદમાં વેપાર કરવા કાલીકટ બંદરે આવ્યા.

૧૫૨૬ પાણીપતની ત્રીજી લડાઈ ઇબ્રાહિમ લોદીને હરાવી બાબરે દિલ્હીનું રાજ લીધું.

૧૫૨૭ ફતેપુર સીક્રી આગળ બાબરે રાણાસંગને હરાવ્યો.

૧૫૩૫ ગુજરાતના બહાદુરશાહને મદેસર આગળ હુમાયુએ હરાવ્યો. પણ તેને પાછું જવું પડયું.

૧૫૪૦ શીરખાંએ હુમાયુને હરાવી દિલ્હીની ગાદી લીધી.

૧૫૪૨ હુમાયુની બેગમ હમીદાએ ઉમરકોટમાં અકબરને જન્મ આપ્યો.

૧૫૪૫ કલિંજરમાં દારૂખાનું સળગવાથી શીરખાં બળી મુઓ.

૧૫૫૬ આદિલ્લીના વજીર હેમુને પાણીપત આગળ હુમાયુએ હરાવ્યો.

૧૫૬૦ બેહેરામે બળવો કર્યો તેને અકબરે હરાવ્યો.

૧૫૬૬ અકબરે આગ્રાનો કીલ્લો બંધાવી ત્યાં રાજધાની કરી.

૧૫૬૮ ચીતોડ અકબરને તાબે થયું.

૧૫૭૩ અકબરે ગુજરાત પ્રાંત ત્રીજા મુજફ્ફર પાસેથી જીતી દિલ્હી સાથે જોડી દીધો.

૧૫૭૬ અકબરના સેનાપતિ ટોડરમલે બંગાળા પ્રાંત જીત્યો.

૧૫૯૨ અકબરે સિંધ તથા કંદહાર પ્રાંત જીત્યા.

૧૫૯૯ અકબર અને ચાંદબીબી વચ્ચે લડાઈ થઈ. ચાંદબીબીના લશ્કરમાં બળવો થવાથી કોઇએ તેને મારી નાંખી.

૧૬૧૧ જહાંગીરે નૂરજહાં સાથે લગ્ન કર્યું.

૧૬૧૪ ખુરમે (શાહજહાંએ) ઉદેપુરના રાણા અમરસિંહને હરાવ્યો.

૧૬૧૫ સરટામસરો હિંદમાં આવ્યો.

૧૬૨૧ કંદહાર ઈરાની લોકોએ જીત્યું.

૧૬૩૦ માળવાના સૂબાએ બળવો કર્યાથી શાહજહાંએ હરાવીને મારી નાંખ્યો.

૧૬૩૭ શાહજહાંએ અહમદનગર જીતી લીધું.

૧૬૫૭ શાહજહાંના દીકરા ઔરંગઝેબે બેદરનું રાજ જીત્યું.

૧૬૫૮ દારાને ઔરંગઝેબે આગ્રા આગળ હરાવ્યો, ને શાહજહાંને કેદ કરી પાદશાહ થયો.

૧૬૫૯ દારા પકડાયો, તેને ઔરંગઝેબે મારી નાંખ્યો.

૧૬૬૧ મુરાદને ઔરંગઝેબે મારી નાંખ્યો.

૧૬૬૩ શિવાજીએ સુરત શહેર પહેલીવાર લૂંટયું.

૧૬૬૬ શાહજહાં કેદખાનામાં મરણ પામ્યો. અને શિવાજી તથા તેનો દીકરો ઔરંગઝેબના કેદખાનામાંથી છુપી રીતે નાશી ગયો.

૧૬૭૦ શિવાજીએ સુરત શહેર બીજીવાર લૂંટયું.

૧૬૭૪ શિવાજીએ રાજ્યાભિષેક કરી પોતાની તુલા સોનાથી કરી.

૧૬૮૮ ઔરંગઝેબે વિજાપુર તથા ગોવળકોંડાનાં રાજ જીત્યાં.

૧૭૧૯ ફરૂખશીરને સૈયદહુસેને મારી નાંખ્યો.

૧૭૨૦ બાલાજીવિશ્વનાથ પેશ્વા મરણ પામ્યો.

૧૭૩૮ ઈરાનના બાદશાહ નાદિરે હિંદપર સ્વારી કરી દિલ્હી લૂંટી ૩૦ હજાર માણસોનો ઘાણ કાઢયો તથા ખજાનો લૂંટી કોહિનૂર, મયુરાસન વગેરે લઈ ગયો.

૧૭૪૮ અહમદ દુરાનીએ હિંદપર સ્વારી કરી.

૧૭૫૧ અહમદશાહે મરેઠાની મદદથી રોહીલાને હરાવ્યા.

૧૭૫૨ અહમદદુરાનીબીજીવારઆવ્યો,તેને પંજાબ આપી પાછોકાઢયો

૧૭૫૬ અહમદદુરાની ત્રીજીવાર હિંદમાં આવ્યો ને દિલ્હી, તથા

મથુરાં લૂંટી પાછો ગયો.

૧૭૬૧ મરેઠા ને દુરાની વચ્ચે પાણીપતમાં લઢાઈ થઈ.

૧૭૭૧ શાહઆલમ અંગ્રેજોના આશરા તળેથી નીકળી મરેઠાના રક્ષણમાં ગયો.

૧૮૦૩ અંગ્રેજોએ ફરીને શાહઆલમને કબજે કર્યો.

૧૮૫૭ મહંમદ બહાદુરશાહ બળવામાં સામેલ થવાથી અંગ્રેજોએ રંગુનમાં કેદ કર્યો.

૧૮૬૨ મહંમદ બહાદુરશાહ કેદખાનામાં રંગુનમાં મરણ પામ્યો.

હિંદમાં થએલી લડાઇઓ.

(૧) પાણીપત—(કુરૂક્ષેત્રમાં) ઈ. સ. પૂ. ૫૦૦૦. પાંડવ કૌરવ વચ્ચે. કૌરવ હાર્યા.

જેલમની—ઈ. સ. પૂ. ૩૨૭. સિકંદર અને પૌરસ વચ્ચે. પૌરસ હાર્યો.

સોમનાથ—૧૦૨૪ મહમદગીજનીએ ભીમદેવને હરાવ્યો.

સ્થાનેશ્વર—૧૧૯૧ પૃથુરાજે મહંમદગોરીને હરાવ્યો.

(૨) પાણીપત—૧૧૯૩ મહંમદગોરીએ (શાહબુદ્દીને) પૃથુરાજને હરાવ્યો.

(૩) પાણીપત—૧૫૨૬ બાબરે ઈબ્રાહિમ લોદીને હરાવ્યો.

સીક્રી— ૧૫૨૭ બાબરે મેવાડના રાણા સંગને હરાવ્યો.

બકસર—૧૫૩૯ } શીરશાહે હુમાયુ-
કનોજ—૧૫૪૦ } ને હરાવ્યો.

(૪) પાણીપત—૧૫૫૬ અકબર તથા બેહેરામે હેમુને હરાવ્યો.

કાશી—૧૬૫૭ દારાએ સુજાને હરાવ્યો.

આગ્રા—૧૬૫૭ ઔરંગજેબે દારાને હરાવ્યો.

ઉજ્જન—૧૬૫૭ દારાના સરદાર જશવંતસિંહને મુરાદ તથા ઔરંગજેબે હરાવ્યો.

કજવા—૧૬૫૯ ઔરંગજેબે સુજાને હરાવ્યો.

આગ્રા—૧૭૧૩ ફરૂખશીરે જહાંદારશાહને હરાવ્યો.

શાહપુર—૧૭૨૦ નીજામે સૈયદ અબદલ્લાને હરાવ્યો.

ડભોઈ—૧૭૩૪ બાજીરાવે ત્રિંબકરાવ ડાભાડેને હરાવ્યો.

કરનાળ—૧૭૩૮ નાદિરશાહે મુગલોને હરાવી દિલ્હી શહેર લુંટયું.

સરહિંદ—૧૭૪૮ મુગલોએ અહમદ દુરાની (અબદલ્લી) ને હરાવ્યો.
(૩) પાણીપત-૧૭૬૧ અહમદ દુરાનીએ મરેઠાને હરાવ્યા

મરેઠી વંશ—૧૬૬૪-૧૮૪૮-૧૮૪.

નામ.	ક્યાંથી.	ક્યાંસુધી.	રાજ્ય કર્યું.
૧ શિવાજી	૧૬૬૪	૧૬૮૦	૧૬
૨ શંભાજી	૧૬૮૦	૧૬૮૯	૯
૩ રાજારામ	૧૬૮૯	૧૭૦૦	૧૧
૪ શિવાજી બીજો	૧૭૦૦	૧૭૦૮	૮
૫ શાહુ.	૧૭૦૮	૧૭૪૮	૪૦
૬ રામરાજા.	૧૭૪૮	૧૭૭૭	[illegible]
૭ શાહુ બીજો	૧૭૭૭	૧૮૦૮	[illegible]
૮ બાળાસાહેબ(પ્રતાપસિંગ)	૧૮૦૮	૧૮૪૦	૨૮
૯ આપાસાહેબ(શાહજી)	૧૮૪૦	૧૮૪૮	૮

પેશ્વા. ૧૭૧૪-૧૮૧૮-૧૦૪

નામ.	ક્યાંથી.	ક્યાંસુધી.	રાજ્ય કર્યું
૧ બાળાજી વિશ્વનાથ	૧૭૧૪	૧૭૨૦	૬
૨ બાજીરાવ ૧ લો.	૧૭૨૦	૧૭૪૦	૨૦
૩ બાળાજી બીજો.	૧૭૪૦	૧૭૬૧	૨૧
૪ માધવરાવ.	૧૭૬૧	૧૭૭૨	૧૧
૫ નારણરાવ.	૧૭૭૨	૧૭૭૪	૨
૬ સવાઈમાધવરાવ.	૧૭૭૪	૧૭૯૫	૨૧
૭ બાજીરાવ બીજો.	૧૭૯૫	૧૮૧૮	૨૩